Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી
# આત્માનંદ પ્રકાશ

"જે દેવોના પણ દેવ છે, જેને દેવો હાથ જોડીને વંદે છે,
તે દેવાધિદેવ મહાવીર પરમાત્માને મસ્તક નમાવી વંદુ છું."

*

જે શાસન મોક્ષમાર્ગનું પ્રતિપાદન કરનાર છે.
જે વિશ્વમાં વ્યાપેલ સર્વ પદાર્થોનું નિરૂપણ કરનાર છે.
એવા વીરપ્રભુનું શાસન સદા જયવંત વર્તો.

પુસ્તક : ૮૭
અંક : ૫-૬

ફાગણ-ચૈત્ર
માર્ચ-એપ્રિલ
૧૯૯૦

આત્મ સંવત ૯૪
વીર સંવત ૨૫૧૫
વિક્રમ સંવત ૨૦૪૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| (૧) | શ્રી વીરજિનેશ્વર સ્તવન | શ્રી જંબૂવિજયજી મહારાજ સાહેબ | ૬૯ |
| (૨) | એવા મુનિવર ક્યાં મળશે ? | — | ૭૦ |
| (૩) | ચરમ તીર્થાધિપતિ મહાવીર પરમાત્મા | સ્વ. શ્રી હીરાલાલ બી. શાહ | ૭૧ |
| (૪) | મંગળાચરણ–મહાવીર પ્રભુને | સ્વ. શામજી હેમચંદ દેસાઇ | ૭૩ |
| (૫) | સમજીએ ચૌદ સુપનનુ જ્ઞાન | નારાયણ ચત્રભુજ | ૭૪ |
| (૬) | મહાવીરનો ધર્મ : ક્રાંતિનો ધર્મ | ડૉ. શ્રી કુમારપાળ દેસાઇ | ૭૫ |
| (૭) | મહાવીર સ્વામી–ચરિત્ર | શાહ લતાબહેન અરવિંદકુમાર | ૮૦ |
| (૮) | પરમ કરૂણાનાં અવતાર ભ. શ્રી મહાવીર | મુનિ ધર્મધ્વજ વિજય ગણી | ૮૬ |
| (૯) | શ્રી નવકારની આરાધના | પ. પુ. મુ. શ્રી વજ્રસેનવિજયજી મહારાજા સાહેબ | ૮૯ |


## પરમ પૂજ્ય ગુરૂદેવશ્રી આત્મારામજી મહારાજનો ૧૫૪ મો જન્મજયંતિ મહોત્સવ

શ્રી સિદ્ધાચલજી તીર્થ પાલીતાણા મુકામે સંવત ૨૦૪૬ના ચૈત્ર શુદી ૧ ને મંગળવાર તારીખ ૨૭–૩–૯૦ના રોજ શ્રી જૈન આત્માનંદસભા ભાવનગર તરફથી ઉજવવામાં આવ્યો હતો. શ્રી સિદ્ધાચલજી તીર્થ ઉપર શ્રી આદીશ્વર ભગવાનની મોટી ટૂંકમાં નવાણુ પ્રકારી પૂજા ભણાવવામાં આવી હતી. શ્રી આદીશ્વર ભગવાનની મોટી ટૂંકમાં જ્યાં પરમ પૂજ્ય ગુરૂદેવ શ્રી આત્મારામજી મહારાજની દેરી છે ત્યાં પરમ પૂજ્ય ગુરૂદેવ શ્રી આત્મારામજી મહારાજની મૂર્તિની ફૂલોની અંગરચનાકરવામાં આવી હતી. સવાર સાંજ ગુરૂભક્તિ તેમજ આવેલ સભાસદોની સ્વામીભક્તિ કરવામાં આવી હતી.

## યાત્રા પ્રવાસ–૩

શ્રી જૈન આત્મનંદ સભા તરફથી સંવત ૨૦૪૬ ના મહા વદ અમાસને રવિવાર તારીખ ૨૫–૨–૯૦ ના રોજ શ્રી સિદ્ધાચલજી તીર્થ ઉપર યાત્રા કરવા ગયા હતા. સારી સંખ્યામાં સભ્યો આવેલ હતાં સવાર-સાંજ ગુરુ ભકિત તેમજ આવેલ સભ્યોની ભકિત કરવામાં આવી હતી શ્રી ગિરીરાજ ઉપર દાદાજીના રંગ મંડપમાં નવ્વાણુ પ્રકારી પૂજા ભણાવવામાં આવી હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir






શ્રી દાદાસાહેબ જિનાલય મંડન
શ્રી મહાવીર સ્વામી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir





શ્રી આત્મારામજી મહારાજ સાહેબ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

માનદ્ તંત્રી : શ્રી પ્રમોદકાંત ખીમચંદ શાહ એમ. એ. બી. કોમ. એલ. એલ બી.

માનદ્ સહતંત્રી : કુ. પ્રફુલ્લા રસિકલાલ વોરા એમ.એ.; એમ.એડ.

## શ્રી વીરજિનેશ્વર સ્તવન

રચયિતા

-: શ્રી જંબૂવિજયજી મહારાજ સાહેબ :-

સદા ગુણ ગાઉં મૈં તેરા, પ્રભુ મહાવીર જિનરાયા;
કરું મૈં ભક્તિ સે સેવા, ભજૂં વીતરાગ! તુઝ પાયા.

ન દેખી એસી મુખમુદ્રા, જગતમેં ઢુંઢ ફિર આયા;
પ્રભુ ! તુઝ મૂર્તિ દર્શનસે, અતિ આનંદ દિલ છાયા.

જિણંદા ત્રિશલાનંદા ! મુઝે તું એક દિલ ભાયા;
જપૂં મૈં નામ નિત તેરા, નમૂં મૈં નિત્ય તુઝ પાયા.

જગાકે આત્મ જ્યોતિકો, હટા દો મોહકી માયા;
છુડા દો દુઃખ હે સ્વામી ! અતિ મૈં દુઃખ સબ પાયા.

મિટા દો જન્મ-મરણોકી, અનાદિ ફેરી જિનરાયા;
કરો ઉદ્ધાર જંબૂકા પ્રભુ ! તેરે શરણ આયા.

For Private And Personal Use Only

# એવા મુનિવર કયાં મળશે ?

(અરણિક મુનિવર ચાલ્યા ગોચરી....એ રાગ)

એવા મુનિવર કયાં મળશે હવે, શ્રી ગુરૂ આતમરામ રે
જંગમ તીરથ સુરતરૂ કયાં ગયો, સંઘસકળ વિસરામ રે...એવા.

શાસનસુબો રે ઉઠી ચાલીયો જે સુવિહિત અણગાર રે
પરમતવાદી રે સિંહ શિરોમણી, નિરાધાર આધાર રે....એવા.

પૂછ્યા પ્રતિઉત્તર કોણ આપશે, સંઘસાય કોણ કરશે રે
કરૂણાસાગર કયાં મળશે હવે, કયાં જઇ સંશય ટળશે રે....એવા


ધર્મધુરંધર ધોરી ભાગીયો, જ્ઞાન-દિવાકર ડુબ્યો રે
શાસનમાંથી સિંહ સિધાવીયો, સુરલોકે ગુરૂ પૂગ્યો રે....એવા.

આતમરામ સુનામ પ્રસિદ્ધ છે, આનંદવિજય સંવેગી રે
શ્રીમદ્ વિજયાનંદ સૂરીશ્વર, જગપંડિત સુવિવેકી રે...એવા

ભવ અટવીમાં રે શીતલ સુરતરૂ, જળનિધિમાં જેમ જહાજ રે
અશરણુશરણ કૃપાકર મુનિવરૂ, આલંબન ગુરૂરાજ રે....એવા.

તે ગુરૂ નિશદિન સૌને સાંભરે, જે અતિશય ઉપગારી રે
પદપંકજ મન મધુકર મોહી રહ્યા સાંકળચંદ સંભારી રે...એવા.

પરભાતે ઉઠી ગુરૂગણુ ગણે, ધ્યાન ગુરૂનું ધારે રે
આતમરામ રટણુ જે નીત કરે, દુરગતિ દૂર નિવારે...એવા.



Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ચરમ તીર્થાધિપતિ મહાવીર પરમાત્મા

સં. શ્રી હીરાલાલ બી. શાહ

ભગવાન શ્રી મહાવીર સ્વામીજીનો આત્મા પ્રાણત નામના દશમા દેવલોકમાં વીસ સાગરોપમનું આયુષ્ય પૂર્ણ કરી આ જંબુદ્વીપના દક્ષિણાર્ધ ભરત-ક્ષેત્રમાં અષાડ સુદ ૬ના મંગળ દિવસે માતાની કુક્ષીમાં આવ્યા. પૂર્ણકાળે શ્રી સિદ્ધાર્થ મહારાજાના શ્રી ત્રિશલાદેવિ મહારાણીની કુક્ષીએ ચૈત્ર સુદ ૧૩ની મધ્યરાત્રીએ જન્મ થયો. જન્મ થતાં ૫૬ દિગ્કુમારીઓએ શૂચિકર્મ કર્યું. ૬૪ ઇન્દ્રોએ પ્રભુને મેરૂગિરિવર ઉપર લઇ જઈને અભિષેકાદિ કરીને જન્મ મહોત્સવ કર્યો.

જન્મથી પ્રભુ ત્રણ જ્ઞાનના જાણકાર હતા. પ્રભુનુ જ્ઞાન, વીર્ય, પરાક્રમ વગેરે અદ્ભુત હતાં. પ્રભુની તેજકાંતિ કોઈ અલૌકિક સૂર્યને ટપી જાય તેવી હતી. ભોગાવલી કર્મોને ઉચ્ચ કોટિના વિરાગ ભાવે ભોગવી જાણ્યા.

માતાપિતાએ પ્રભુનું નામ વર્ધમાનકુમાર રાખ્યું. દેવોથી પણ પ્રભુ ભય નહિ પામવાથી પ્રભુનું નામ દેવોએ મહાવીર રાખ્યું. ઘોર પરિષહો અને ઉપસર્ગો સહન કરવાથી શ્રમણ પણ કહેવાયા. માતા-પિતા સ્વર્ગસ્થ થતાં સંયમ માટે તૈયાર થયા. વડિલ બંધુ નંદિવર્ધનના આગ્રહે ઔચિત્ય સાચવીને બે વરસ નિરાંભપણે મહેલમાં રહ્યા. ૩૮૮ ક્રોડ ૮૦ લાખ દિનારનું અદ્ભુત વર્ષીદાન દઇ ત્રીસમાં વર્ષે કારતક વદ ૧૦ના પવિત્ર દિવસે શ્રી મહાવીર સ્વામીજીએ સંયમનો સ્વીકાર કર્યો. સાડાબાર વરસ સુધી અતિ ઘોર આશ્ચર્યકારી તપશ્ચર્યા કરી અનેક ઉપસર્ગો પરિષહો અદીનપણે સહન કર્યા. ચોવીશે તીર્થંકર ભગવંતોએ કરેલા અભિગ્રહો દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની અપેક્ષાએ બહુવિધ પ્રકારના છે. શ્રી મહાવીર દેવે કરેલા નિમ્નોક્ત પાંચ અભિગ્રહો અધિક છે.

૧. રહેવાથી અપ્રીતિ ઉત્પન્ન થાય તેવા ગૃહસ્થને ઘેર કે કોઈ પણ સ્થળે નિવાસ કરવો નહિ. ૨. અપ્રતિબદ્ધ વિહાર ૩. મૌનપણે આત્મધ્યાનમાં સ્થિર રહેવું ૪ હસ્તકર પાત્રમાં આહાર લેવો. ૫. ગૃહસ્થોના અભ્યુત્થાનાદિ વિનય કરવો નહીં.

શ્રી ચંદનબાળાને હાથે પારણુ થયું તે તપના અભિગ્રહને મહાઅભિગ્રહ કહેલ છે. તે અભિગ્રહ લગભગ નીચે મુજબ હતો.

"રાજકુમારી કુંવારી કન્યા, અઠ્ઠમતપ, હાથે પગે બંધન, માથે મુંડન, આંખમાં આંસુ, અને ઉંબરમાં બેઠેલી હોય તેવી કન્યાના હાથેથી ભિક્ષા લેવી." પ્રભુનો આ મહાઅભિગ્રહ પાંચ માસ અને પચીસ દિવસના તપને અંતે પૂરો થયો હતો. શ્રી મહાવીર દેવનો આ અભિગ્રહ દધિવાહન રાજાની કુંવરી ચંદનબાળા દ્વારા પૂરો થતાં પ્રભુ મહિમાએ તે સ્થળે પંચદિવ્ય પ્રગટ થયા. ચંદનબાળાના હાથપગના બંધનો દેવ સહાયે દિવ્ય અલંકાર થયા હતાં. મુંડિત મસ્તક પર દેવ સહાયે સુંદર દિવ્યવાળ ઉત્પન્ન થયાં હતાં. ચંદનબાળા શ્રી મહાવીર ભગવાનના પ્રથમ પ્રવર્તિની સાધ્વી બન્યા અને અનુક્રમે સકલ કર્મક્ષયે અનંત શિવ-સુખના ભોક્તા બન્યા.

શાસન નાયક ચરમ તીર્થપતિ દેવાધિદેવ શ્રી મહાવીર ભગવાનના બાર વરસ અને સાડા છ માસના છદ્મસ્થ કાળમાં થયેલ તપ નીચે મુજબ છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

| | |
|---|---|
| છમાસી તપ | ૧ |
| પાંચ દિવસ ન્યૂન છમાસી તપ | ૧ |
| ચાર માસી તપ | ૯ |
| ત્રણ માસી તપ | ૨ |
| અઢી માસી તપ | ૨ |
| બે માસી તપ | ૬ |
| દોઢ માસી તપ | ૨ |
| માસખમણ તપ | ૨ |
| ૧૫ દિવસનું તપ | ૭૨ |
| ભદ્ર. મહાભદ્ર અને સર્વતોભદ્ર | ૧ |
| તપસ્યા બે–ચાર–દશ ઉપવાસની | |
| અઠ્ઠમ તપ | ૧૨ |
| છઠ્ઠ તપ | ૨૨૯ |

ત્રણસો ઓગણપચાસ પારણાના દિવસો હતા.

અપૂર્વ પુરૂષાર્થ કરતાં શુકલ ધ્યાનનું ધ્યાન કરતા ચારઘાતી કર્મોનો ક્ષય થતા વૈશાખ શુદ દશમને પવિત્ર દિવસે જાંભિકાનગરીની બહાર, ઋજુવાલુકા નદીને કિનારે, શાલવૃક્ષ નીચે પ્રભુને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઇ. વૈશાખ શુદ અગીયારસને દિવસે અનંત ઉપકારક મહાશાસનની સ્થાપના કરી, સમગ્ર જગત સમક્ષ મહા સંસ્કૃતિ વહેતી મૂકી. "આત્મા છે" "અનાદિ કર્મસંયોગ છે. પુણ્ય–પાપનો ભોકતા છે. કર્મોને ફગાવી શકે છે. કર્મોને ફગાવીને ચિદાનંદ સ્વરૂપ બની શકે છે"

બંધન મમતાનું છે. મમતા, ધન, કુટુંબ, પરિવાર, સત્તા આદિની હોય છે તે આત્માને મારક છે. સંસારમાં પરિભ્રમણ કરાવનાર છે. વિષય કષાય એજ સંસાર, પાંચે ઈન્દ્રિયોના વિષયોની ઇચ્છામાંથી કષાય પ્રગટે છે માટે ભૌતિક સુખ સુખેચ્છા, સુખપ્રાપ્તિ, સુખરક્ષણ આ બધું ભૂંડુ લાગે તે સર્વદા સુખી બને.

બે પ્રકારના ધર્મ બતાવ્યા સાધુધર્મ અને ગૃહસ્થ ધર્મ, સાધુ ધર્મ માટે પાંચ મહાવ્રતોનું, પાલન કરવું. ગૃહસ્થ ધર્મ માટે પાંચ અણુવ્રતો, ત્રણ ગુણવ્રતો, અને ચાર શિક્ષાવ્રતોનું પાલન કરવું. બન્ને ધર્મના મૂળમાં સત્યની ચાહના સત્યની ઓળખ, સત્યનું પાલન થાય એટલેસમ્યગ્ દર્શનની પ્રાપ્તિ થાય એટલે જીવાદિ નવતત્ત્વોમાં શ્રદ્ધા થાય, પછી સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્ર પામીને આત્મા મોક્ષે જાય.

ગૌતમ ગોત્રીય ઇન્દ્રિભૂતિ આદિ ૧૧ પંડિત વિપ્રોને વેદના શુદ્ધ અર્થ બતાવી અને મનની શંકાનું નિરાકરણ કરી ૧૪૪૪ છાત્રો સાથે દિક્ષા આપી. અગીયારે વિપ્રોને ગણધર બનાવ્યા અને છાત્રો તેમના શિષ્ય બન્યા. શ્રી ચતુર્વિધ સંઘની સ્થાપના કરી. "ઉપ્પન્નેઇ વા વિગમેઇ વા ધ્રુવેઇવા" આ ત્રિપદી પ્રભુ પાસેથી સાંભળીને બીજ બુદ્ધિના પ્રતાપે ગણધર ભગવંતોએ દ્વાદશાંગીની રચના કરી. જેમાં વિશ્વ સમસ્તનું સર્વ પદાર્થનું મહાવિજ્ઞાન વિગેરેનું તત્ત્વજ્ઞાન જણાવ્યું શ્રી મહાવીર દેવના ગણધરના નામો નીચે મુજબ છે,

૧. ઇન્દ્રભૂતિ ( ગૌતમસ્વામી મહારાજ ) ૨ અગ્નિભૂતિ. ૩. વાયુભૂતિ ૪. વ્યકત. ૫. સુધર્મા. ૬. મંડિતપત્ર ૭. મૌર્યપુત્ર. ૮. અકંપિત ૯. અચલભ્રાતા. ૧૦ મેતાર્ય. ૧૧. પ્રભાસ.

શ્રી જિનેશ્વર દેવોએ પ્રવર્તાવેલ શાસન એ એક જ જગતમાં તારક તીર્થ છે જે જગતના જીવો માટે અતિ જરૂરી શાસન છે. જગતમાં પ્રવર્તતા અનેક શાસનોમાં શ્રી જિનશાસન આત્મ–તારક શાસન છે અને જિનેશ્વર–દેવો તારકદેવ છે. તેવી સાચી સમજણ પૂર્વક વ્યંતર દેવ નિકાયના યક્ષ વિભાગના દેવદેવીઓ શ્રી જિનશાસનનું સેવાકાર્ય અતિ હર્ષ પૂર્વક સંભાળે છે. જે શાસન જરૂરી છે તેનુ જતન કરવાનું પણ જરૂરી છે એમ માનીને શાસન રક્ષક યક્ષ અને યક્ષિણીઓ શાસન પર આવતાં વિઘ્નો દૂર



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કરે છે. મહાવીર તીર્થંકર ભગવંતના શાસન રક્ષક યક્ષનું નામ માતંગ હતું અને શાસન રક્ષક યક્ષિણીનું નામ સિદ્ધાયિકા હતું.

અંતીમ સોળ પ્રહર સુધી પ્રભુએ અખંડ દેશના આપી ભાવિ ભાવને પ્રદર્શિત કર્યો,

આગામીકાળનું સ્વરૂપ જણાવી ૭૨ વર્ષનું સંપૂર્ણ આયુષ્ય પૂર્ણ કરી શૈલેશીકરણ કરી સર્વ કર્મ મુકત, સિદ્ધ, બુદ્ધ, નિરંજન નિરાકાર બન્યા. આસો વદ અમાસની રાત્રીએ પ્રભુ નિર્વાણ પામ્યા હતા પ્રભુએ બતાવેલો મુકિતપુરીનો માર્ગ હજુ ચાલુ છે અને અનેક આત્માઓ પ્રભુએ ઉપદેશેલ ધર્મનું પાલન કરતાં આત્મ કલ્યાણ સાધી રહ્યા છે.

॥ કોડ કોડ વંદન હો શ્રી મહાવીર સ્વામિને ॥

## મંગળાચરણ — મહાવીર પ્રભુને

ત્રિશલાનંદન જગદાનંદન, કર્મનિકંદન શ્રી મહાવીર;
ભવભયભંજન જય અરિગંજન, જગજનરંજન શ્રી મહાવીર.

સિદ્ધારથ કુળભુષણ વર્જિત- દૂષણ જગ આભૂષણ વીર;
નવીન વર્ષમાં નવીન હર્ષને, સુખ શાંતિ આપો શ્રી વીર.

જૈન ધર્મ ઝળહળતો જગમાં, એક દિવસ સઘળે શ્રી વીર;
આજે સુસ્ત થઇને બેઠા, સહુ સંતાન તમારા વીર.

નસ નસમાં બળ અર્પી અમને, 'વીર' બનાવો શ્રી મહાવીર;
નવીન વર્ષમાં નવીન હર્ષને, બળ બુદ્ધિ આપો શ્રી વીર.

ગયું પ્રભુ ક્યાં શૌર્ય અમારૂં, તે અમને બતલાવો વીર;
અંધકારમય અમ અંતરમાં, જ્યોતિ એક જમાવો વીર.

સત્ય ધર્મને ફેલાવાની, શક્તિ અમને આપો વીર;
નવીન વર્ષમાં કૃપા કરીને, કષ્ટ અમારા કાપો વીર.

— સ્વ. શામજી હેમચંદ દેસાઇ





For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમજીએ ચૌદ સુપનનું જ્ઞાન

( રાગ : આશાવરી )

ચૌદે સ્વપનાં ચૌદ પગથિયા ગુણના પ્રતીક સમાન
સિદ્ધ પ્રભુના દૂત કહાવે શાસનમાં સનમાન — સમજીયે

ગુણ સ્થાનક આતમ પરિણામો તિથિમાં અનુષ્ઠાન
બેઉ બતાવે એકજ દરપણ ચિત્રો સુપન સમાન — સમજીયે

જે આતમને મુક્તિ ચોકસ તેનાં ચવન કલ્યાણ
જેના માતા પ્રતિક નિહાળે ત્રેસઠ પુરૂષ પ્રમાણ — સમજીયે

સ્વપન અસંખ્ય આ સંસારે મધ્યમ નબળા જાણ
ઉતમોતમ તે શાશ્વત ચૌદે જેનાં રૂપ મહાન — સમજીયે

સિદ્ધ પ્રભુનાં જીવન ચરીત્ર તે ચૌદે ગુણસ્થાન
ભવ્ય જીવનું રૂપ બતાવે આપે આતમ જ્ઞાન — સમજીયે

તદભવ મોક્ષે જાતા આતમ ચડતાં ચૌદે ધામ
ચૌદે સુપના દીવ્ય કે ઝાંખા ચક્રી કે જીનનામ — સમજીયે

સાતે વિષ્ણુ એકે મંડલિક સ્વપનાં સાધે નિશાન
ચાર જ સાથે જેમાં નીરખે તો આવે બલરામ — સમજીયે

સર્વ નિશાની સ્વપનાં આપે ઓળખવાનું જ્ઞાન
કયારે એ મુક્તિને વરસે આતમ યોગ્ય પ્રમાણ — સમજીયે

પગથી પગથી ચીમ પરખીયે ગુણ વિકસે શુભધ્યાન
મિથ્યા ઘરથી અયોગ થાતો ચૌદે અગ્નિ નિધાન — સમજીયે

પ્રથમ ત્રણેમાં તીર્યંચ જેવો ચોથે દેવ સમાન
સાતમા ઘરથી મારગ સુધી તેર ચૌદ ભગવાન — સમજીયે

ચલન અને જીવનનું દરપણ તે સુપનાનાં જ્ઞાન,
નારાયણ શાસનમાં એનું અધ્યાતમ બહુમાન

— નારાયણ ચત્રભુજ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મહાવીરનો ધર્મ : ક્રાંતિનો ધર્મ

લે. ડૉ. શ્રી કુમારપાળ દેસાઇ

ભગવાન મહાવીરના એ સંદેશનો વિચાર કરીએ તે પહેલાં એમણે કરેલી ક્રાંતિને જોઈએ. એમણે શાસ્ત્રોને આમજનતા માટે ખુલ્લાં મૂકયાં. એ જમાનામાં આવી જ્ઞાનવાર્તા દેવગિરા સંસ્કૃત-ભાષામાં થતી હતી. સામાન્ય લોકો એ સમજી શકતાં નહિ અને એમાં જ એની મહત્તા લેખાતી. સમજાય એ તો સામાન્ય વિદ્યા કહેવાય, ન સમજાય એ જ મહાન વિદ્યા લેખાય. એવો ભ્રમ સર્વત્ર વ્યાપેલો હતો. ધર્મ, કર્મ અને તત્વની ચર્ચા લોકભાષામાં કરવી એ હીનકર્મ લેખાતું. લોકભાષામાં બોલનારને કોઈ સાંભળતું નહિ અને શિષ્ટ લેખતું નહિ. એનું કોઈ સન્માન કરતું નહિ કેટલાક કહેતા કે આવી ઉચ્ચ વાતો કઈ જનપદની ભાષામાં સારી લાગે ? ઊંચી વાતો માટે ભાષા પણ ઊંચી અને અઘરી, ભારેખમ હોવી જોઈએ

## લોકભાષા અને નારી સન્માન

ભગવાન મહાવીરે પહેલે પગલે ભાષાની ક્રાંતિ કરી એમણે કહ્યું જ્ઞાન માત્ર જ્ઞાની માટે નથી, સામાન્ય માનવી માટે પણ છે. સામાન્ય લોકો સમજે એ રીતે એમની ભાષામાં બોલવું જોઇએ. આથી એમણે એ કાળની મગધદેશની લોકભાષા અર્ધમાગધીમાં ઉપદેશ આપ્યો. એમાં સંસાર અને ધર્મનાં ગૂઢ રહસ્યો પ્રગટ કરવા માંડયાં જીવ શું, અજીવ શું ? લોક શું, અ લોક શું ? આસ્રવ-સંવર શું, બંધ મોક્ષ શુ ? તિર્યંચ ગતિ શું ? મનુષ્યભવ શું ? એ બધુ લોકભાષામાં કહેવા લાગ્યા. લોકોને પોતાની જબાન અને પોતાની ભાષા મળી. પંડિતોનો ભારે બોજવાળો જ્ઞાનબોધ તો એમને માટે આંખનું કાજળ ગાલે ઘસ્યા જેવું હતું પણ હવે પંડિત કહે તે શાસ્ત્ર અને શાસ્ત્ર કહે તે પ્રમાણ, એમ માનવાનું રહ્યું નહિ. મહાવીરનો ઉપદેશ સહુને સમજાયો અને બધાને માટે આત્મકલ્યાણનાં દ્વાર ખુલ્લાં થયાં.

ભગવાન મહાવીરે સ્ત્રીને સ્વતંત્રતા બક્ષવા માટે બે મહાન સુધારા કર્યા એક તો વ્રતમાં બ્રહ્મચર્યને સ્થાન આપ્યું અને બીજું સ્ત્રી સંન્યાસીની થઇ દીક્ષિત થાય તો સર્વ બંધનોમાંથી મુક્ત બને એમ કહ્યું. જાતિ અને વર્ણના મહત્વને કાઢી નાખ્યું અને ચારિત્ર્યની મહત્તા સ્થાપી. એમણે કહ્યું,

कम्मुणा बंभणो होइ, कम्मुणा होइ खत्तिओ।
वइसो कम्मुणा होइ, सुद्दो होइ कम्मुणा ॥

( કર્મથી બ્રાહ્મણ, ક્ષત્રિય વૈશ્ય અને શુદ્ર થવાય છે.)

આમ એમણે શુદ્રોને ગુલામીના અંધકાર-માંથી બહાર કાઢયા અને પશુતામાંથી પ્રભુતા આપી. કોઈ પણ વર્ણનો સ્ત્રી–પુરુષ ધર્મ સ્વીકારી શકે છે તેમ કહ્યું. હકીકતમાં એમણે શ્રમણને કુળ, રૂપ, જાતિ, જ્ઞાન, તપ, શ્રુત અને શીલનો જરાપણ ગર્વ ન કરનાર કહ્યો. ભગવાન મહાવીરની આ એક મહાન સામાજિક ક્રાંતિ ગણાય. એમણે આખીયે પરિસ્થિતિમાં પરિવર્તન આણ્યું. આત્માના ઊંડાણમાંથી ઉગેલા આ સત્ય વિચારે સમાજમાં સ્થાયી રૂપ લીધું. ભગવાન મહાવીરે નીડરતા અને દૃઢતાથી પોતાના વિચારો પ્રગટ કર્યા અને અમુક વર્ગના અસાધારણ પ્રભુત્વ, હિંસાચાર અને માનસિક ગુલામીમાંથી લોકોને મુક્તિ અપાવી. વર્ણાશ્રમની જડ દીવાલોમાં કેદ થયેલા સમાજને



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બહાર લાવ્યા. ઊંચનીચની કલ્પનામાં સમૂળી ક્રાંતિ કરી. સ્ત્રીને બાળપણમાં પિતા પાળે, યુવાનીમાં પતિ પાળે અને ઘડપણમાં પુત્ર પાળે એ વિચાર પર કુઠારાઘાત કર્યો. જાતિ કે લિંગના ભેદો આત્મ-વિકાસમાં ક્યાંય કદીય બાધારૂપ બનતા નથી, તેમ કહ્યું. આત્મતત્ત્વની દૃષ્ટિએ બધા સરખા છે. બ્રાહ્મણ કે શુદ્ર, સ્ત્રી કે પુરુષ, યુવાન કે વૃદ્ધ, રાય કે રંક જે પુરુષાર્થ કરે તે મોક્ષનો અધિકારી છે આના સમર્થનમાં જ તેમણે ચંદનબાળાને પ્રથમ સાધ્વી બનાવી, ઇશ્વરકૃપા પર આધાર રાખીને પ્રારબ્ધને સહારે જીવતા માનવની ગુલામી એમણે દૂર કરી, પુરુષાર્થનો ઉપદેશ આપ્યો અને કહ્યુ,

'દેવ ભલે મોટો હોય, ગમે તેવું તેમનું સ્વર્ગ હોય, પણ માણસથી મોટું કોઇ નથી માણસ માનવતા રાખે તો દેવ પણ એના ચરણમાં રહે ?

માણસે આ માટે સત્ય અને પ્રેમનો આગ્રહ રાખવો જોઈએ. પ્રત્યેક માણસ પોતાના કાર્યથી, પોતાના ગુણથી અને પોતાના પારશ્રમથી મહાન થઇ શકે છે, એ માટે જાતિ, કુળ કે જન્મ નિરર્થક છે.'

## આત્મિક સંયમની સાધના

ભગવાન મહાવીરે બ્રહ્મચર્યમાં પરિગ્રહવિરમણ વ્રતથી વિશેષ જોયું. બ્રહ્મચર્ય એ માત્ર બીજી બહારની વસ્તુઓ ગ્રહણ કરવી કે છોડી દેવી એવો ફક્ત બાહ્ય વેપાર નથી, પરંતુ એ તો આત્મિક સંયમનો પ્રશ્ન છે. એ જ રીતે કર્મના બંધનોનો છેદ કરવાનો એક અને અદ્વિતીય ઉપાય તપ છે. એમ કહીને જીવનમાં તપના મહત્ત્વને અસાધારણ પ્રતિષ્ઠા આપી. આમ ભગવાન મહાવીરે ગુલામ મનોદશામાંથી માનવીને મુક્તિ અપાવી. પ્રારબ્ધને બદલે પુરુષાર્થથી એને ગૌરવ અપાવ્યું શુષ્ક પાંડિત્ય સામે સક્રિય પ્રયત્નનું પ્રતિપાદન કર્યું. વર્ષોથી ચાલી આવતી રૂઢ માન્યતા અને અંધ વિશ્વાસને દૂર કરીને મહાવીરે વિચાર-સ્વાતંત્ર્યની પ્રતિષ્ઠા કરી. પોતાને સાચું લાગે તેનો સ્વીકાર કરવાની નીડરતા બતાવી.

સાધુની સાથોસાથ ગૃહસ્થને પણ એના ધર્મો હોય છે, એમણે કહ્યું, ધર્મ સાધુ માટે છે, ને ગૃહસ્થે લીલાલહેર કરવાની છે, એ માન્યતા સાવ ભુલભરેલી છે. સાધુની જેમ સંસારી ગૃહસ્થના પણ ધર્મ છે, સાધુ સર્વાંશે સૂક્ષ્મ રીતે વ્રત-નિયમ પાળે, ગૃહસ્થ યથાશક્તિ સ્થૂલ રીતે પાળે. એ માટે સાધુએ પાંચ મહાવ્રત, ને ગૃહસ્થે પાંચ અણુ વ્રતને સાત શિક્ષા વ્રત-એમ બાર વ્રતવાળા ધર્મથી જીવનનું ઘડતર કરવું જોઇએ. એમ કરે તો માણસનો બેડો પાર થઇ જાય. આ ઉપરાંત યજ્ઞમાં પશુહિંસા ન કરો. શાસ્ત્રને છુપાવો નહિ. શુદ્રને તિરસ્કારો નહિ.'

ભગવાન મહાવીરે મત અને મજહબની લડાઈ ગૌણપદે સ્થાપી. સંસારના પ્રત્યેક મતને સાપેક્ષ સત્યવાળા ઠરાવ્યા, આચારમાં અહિંસા આપી, વિચારમાં અનેકાન્ત આપ્યો વાણીમાં સ્યાદ્વાદ આપ્યો સમાજમાં અપરિગ્રહ સ્થાપ્યો. એમણે કહ્યું.

धम्मो मंगलमुक्किट्ठं अहिंसा संयमो तवो।
देवा वि तं नमसंति जस्स धम्मे सया मणो॥

[ધર્મ ઉત્કૃષ્ટ મંગળ છે, અહિંસા, સંયમ અને તપ એના લક્ષણો છે. જેનુ મન ધર્મમાં હંમેશાં રમ્યા કરે છે તેને દેવો પણ નમે છે.]

ભગવાન મહાવીરે આત્મકલ્યાણ સાધવા માટે કેટલાક નિયમો પાળવાનું કહ્યું. નિયમો એટલે વ્રત આવા પાંચ મહાવ્રત એટલે કે પાંચ યામ છે.

## પરમ ધર્મ – અહિંસા

આમાં પહેલું મહાવ્રત છે : અહિંસા ભગવાન મહાવીરે કહ્યું કે 'જેને તું હણવા માગે છે તે તું જ છે. જેના પર તું શાસન કરવા માગે છે તે તું જ છે, જેને તું પરિતાપ ઉપજાવવા માગે છે તે તું જ છે. જેને તું મારી નાંખવા માગે છે તે પણ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તું જ છે. આમ જાણી સમજુ માણસ કોઈને હણતો નથી કોઇના પર શાસન ચલાવતો નથી કે કેઇને પરિતાપ આપતો નથી. અહિંસા એ જૈન. ધર્મનો પાયો છે. બીજા ધર્મોએ અહિંસા સ્વીકારી છે, પણ જૈનધર્મ જેટલું પ્રાધાન્ય એને આપ્યું નથી. આ અહિંસાની જેટલી સૂક્ષ્મ વિચારણા જૈનધર્મમાં કરવામાં આવી તેટલી વિચારણા અન્ય ધર્મોમાં થઇ નથી આ અહિંસાનો ઉદ્દગમ તાત્ત્વિક વિચારણા અને અનુભવમાંથી થયો છે. બધા જીવોની સમાનતાના સિદ્ધાંતમાંથી અહિંસાનો આવિષ્કાર થયો છે એવી જ રીતે સર્વ જીવ જીવવા ઇચ્છે. છે કોઇને મરવું ગમતું નથી. સહુ સુખ ઇચ્છે છે. કોઇ દુઃખ ઇચ્છતું નથી. હિંસા કરવાના વિચારથી જ કર્મબંધ થાય છે આથી જૈનધર્મમાં હિંસા અને અહિંસા એ કર્તાના ભાવ પર આધારિત છે જ્યાં પ્રમાદ છે ત્યાં નિત્ય હિંસા હોય છે. અસત્ય વાણી અને વર્તન એ હિંસા છે. બીજાને આઘાત આપવો કે ભ્રષ્ટાચાર કરવો એ પણ હિંસા છે. અને આ અહિંસામાંથી જ સત્ય, અસ્તેય બ્રહ્મચર્ય અને અપરિગ્રહ પ્રગટે છે. પહેલાં વિચારમાં હિંસા આવે છે અને પછી વાણી અને વર્તનમાં હિંસા આવે છે. આથી જ કહેવાયું છે. ‘ War is born in the hearts of men ’ વિચારની અહિંસાનો ઉદ્‌ઘોષ અનેકાંતમાં સંભળાશે

જૈનદર્શનમાં અહિંસાને પરમધર્મ કહ્યો છે. અને હિંસાને બધાં પાપ અને દુઃખનું મૂળ માન્યું છે મહાવીરની અહિંસા એ મનુષ્ય પૂરતી જ મર્યાદિત નથી, પરંતુ પ્રાણીમાત્રને આવરી લે છે જીવનની એકતા ( Unity of life ) માં માને છે. સર્વ જીવને એ સમાન ગણે છે અને એના પ્રત્યે સમાન આદર રાખે છે. જે પ્રાણી પ્રત્યે ક્રૂર થાય, તે માનવ પ્રત્યે પણ ક્રૂર થઇ શકે ક્રૂરતા એ માત્ર બાહ્ય આચરણ નથી, પરંતુ આંતરિક દુર્વૃત્તિ છે. જેના હૃદયમાં ક્રૂરતા હશે, તે પ્રાણી હોય કે મનુષ્ય–સહુ પ્રત્યે ક્રૂર વર્તન કરશે. જેના હૃદયમાં કરુણા હશે તે બધા પ્રાણી પ્રત્યે કરુણાભર્યું વર્તન કરશે. વળી જૈનધર્મ પુનર્જન્મમાં માને છે. જીવ આજે એક યોનિમાં હોય એ કાલે બીજી યોનિમાં પણ હોય. આજે માખી હોય તે કાલે મનુષ્ય હોય: આવું હોવાથી મનુષ્યને મનુષ્યેતર પ્રાણીસૃષ્ટિને પણ દુઃખ આપવાનો અધિકાર નથી. સંસારના સર્વ પ્રાણીઓ પ્રત્યે, પછી તે શત્રુ હોય કે મિત્ર, સમભાવથી વર્તવું જોઇએ. અહિંસાનું જૈનદર્શનમાં આવું મહત્ત્વ છે

तुंगं न मंदराओ, आगासाओ विसालयं नत्थि ।
जह तह जयंमि जाणसु, धम्ममहिंसासमं नत्थि ॥

(મેરુ પર્વતથી ઉંચું અને આકાશથી વિશાળ જગતમાં કશું નથી. તેવી જ રીતે અહિંસા સમાન જગતમાં, બીજો કોઇ ધર્મ નથી )

## સત્ય એ ઇશ્વર

બીજું મહાવ્રત તે સત્ય. હું અસત્ય નહિ આચરું, બીજા પાસે નહિ આચરાવું અને આચરતો હોય તો તેને અનુમોદન નહિ આપું. ‘પ્રશ્ન વ્યાકરણ’ માં સત્ય એ જ ભગવાન છે એમ કહેવામાં આવ્યું છે. જ્યારે ‘ આચારાંગ સૂત્ર ’ માં કહ્યું છે કે ‘સત્યની આજ્ઞા પર ઉભેલો બુદ્ધિશાળી મૃત્યુને તરી જાય છે.’ આ સત્યનો અનુભવ માનવીના અંતરમાં થતો હોય છે. મહાવીરનું જીવન જ સ્વયં સાધનાથી પ્રાપ્ત થયેલા અનુભવ પર આધારિત છે. આથી જ તેઓ કહે છે કે હું પુર્ણજ્ઞાની છું અને તે તમે સ્વીકારો તેમ નહિ. પણ દરેક જીવ સાચી સાધના કરે તો એ પદને પ્રાપ્ત કરી શકે છે એવો એમનો ઉપદેશ છે ખુદ ભગવાન મહાવીરે પણ અગાઉના ૨૭ ભવની સાધના અને એ પછી સાડાબાર વર્ષની તપશ્ચર્યા બાદ તીર્થંકર પદની પ્રાપ્તિ કરી હતી આથી એમણે કહ્યું કે જાગ્રત રહીને અસત્યનો ત્યાગ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કરવો જોઈએ. અસત્ય વચન બોલનાર સદા અવિશ્વાસને પાત્ર બને છે. વાણીમાં પણ ક્યાંય અસત્ય કથન ન આવે તેની તકેદારી રાખવી જોઇએ. માપસર અને દોષ વિનાનાં વચનો બોલવા જોઇએ. કટુ કે કઠોર ભાષાથી દૂર રહેવું જોઇએ. તેઓએ નિર્ગ્રંથ વિશે કહ્યું કે, એ નિર્ગ્રંથ વિચારીને બોલશે કારણ કે વગર વિચાર્યું બોલવા જતાં જૂઠું બોલાઇ જાય. એ ક્રોધનો ત્યાગ કરશે કારણ કે ગુસ્સામાં આવીને અસત્ય બોલાઇ જાય, એ લોભનો ત્યાંગ કરશે કારણ કે પ્રલોભનમાં આવીને જૂઠું બોલાય જાય. એ ભયનો ત્યાગ કરશે કારણ કે ભયમાં આવીને અસત્ય બોલાઈ જાય. એ હસી-મજાકનો ત્યાગ કરશે કારણ કે ટીખળ–મશ્કરીમાં અસત્ય બોલાય જાય.'

આવી સત્યપાલનની જાગૃતિ જેના મનમાં હોય તેની શું વાત કરવી ? સત્ય બોલનારને અગ્નિ સળગાવી શકતો નથી, કે પાણી ડૂબાડી શકતું નથી. જૈનદર્શને સત્યની વ્યાપક વિચારણા કરી છે. 'હું કહું છું તે જ સત્ય' એવા આગ્રહ, દુરાગ્રહ કે પૂર્વગ્રહમાં વિચારની હિંસા સમાયેલી છે જ્યારે બીજાના કથનમાં પણ સત્યનો અંશ હોઈ શકે તેવી ઉદાર દષ્ટિ તે અનેકાંત, કારણ કે સત્ય સાપેક્ષ છે. તમારી નજરનું સત્ય અને તેના પરની તમારી શ્રદ્ધા તેમ જ બીજાની નજરનું સત્ય અને તેના તરફની વિચારણા. આમ જીવનની સર્વ દૃષ્ટિને અનેકાંતમાં સમતા છે સહિષ્ણુતા છે. સમન્વય છે અને સહઅસ્તિત્વની ભાવના છે. સત્યશોધ માટેના અવિરત પ્રયાસની આ એક સાચી પદ્ધતિ છે. બધી વસ્તુને સાપેક્ષભાવે વિચારવી અને દરેક સ્થિતિમાં રહેલા સત્યના અંશને જોવો એનું નામ અનેકાંત છે. 'મારું જ સાચું' એમ નહિ પરંતુ 'સાચુ તે મારુ' એવી ભાવના પ્રગટ થઈ. ભગવાન મહાવીરના જીવનમાં 'સાચુ તે મારું' બતાવતા અનેક પ્રસંગો મળે છે. એમણે એમના પટધર જ્ઞાની ગૌતમને આનંદ શ્રાવકની ક્ષમા માગવા કહ્યું હતું ભગવાન મહાવીરના સમયે અનેક વિવાદો ચાલતા હતા. દરેક પોતાની વાત સાચી ઠેરવવા માટે બીજાના વિચારનું ખંડન કરે, બીજાના વિચારના ખંડનને બદલે મંડનની ભાવના ભગવાને બતાવી, એમણે કહ્યું,

'તમારી એકાન્તી બનેલી દૃષ્ટિને અનેકાન્તી બનાવો. એમ કરશો તો જ તમારી દૃષ્ટિ ઢાંકી દેતો 'સર્વથા' શબ્દનો બનેલો કદાગ્રહરૂપી પડદો હઠી જશે. અને પછી તરત જ તમને શુદ્ધ સત્યનું સ્પષ્ટ અને સુરેખ દર્શન થશે.'

આમ ભગવાન મહાવીરે મત, વાદ, વિચારસરણી અને માન્યતાઓના માનવીના હૃદયમા ચાલતા વિવાદયુદ્ધને આળવાનો પ્રયાસ કર્યો આને માટે એમણે સાત આંધળા હાથીને જે રીતે જુએ છે તેનું દૃષ્ટાંત આપ્યું. આ અનેકાન્તવાદથી માનવી બીજાની દૃષ્ટિએ વિચારતો થઇ જશે અને આમ થાય તો જગતના અર્ધા દુ:ખો ઓછા થઇ જાય. અનેકાન્ત સમન્વય અને વિરોધ પરિહારનો માર્ગ બતાવે છે. વિનોબાજી કહે છે કે અનેકાન્ત દૃષ્ટિ એ મહાવીરની જગતને વિશિષ્ટ દેન છે.

## અસ્તેય વ્રત

ભગવાન મહાવીરે કહેલું ત્રીજું મહાવ્રત તે અસ્તેય છે. માણસે સર્વ પ્રકારની ચોરીનો ત્યાગ કરવો જોઇએ. અણહકનું વણઆપ્યું કોઇનું કશું લેવું જોઇએ નહિ, કોઇની પાસે લેવડાવવું જોઇએ પણ નહિ અને એવા કામમાં સહાય કે ટેકો પણ આપવાં જોઇએ નહિ. એમણે તો એમ પણ કહ્યું કે દાંત ખોતરવાની સળી જેવી તુચ્છ વસ્તુ પણ એના માલીકને પૂછયા વિના સંયમવાળા મનુષ્યો લેતા નથી, બીજા દ્વારા લેવડાવતા નથી કે તેની સંમતિ આપતા નથી. આવે વખતે મોટી મોટી વસ્તુઓની તો વાત જ શી ? સંયમીએ પોતાને ખપે એવી નિર્દોષ વસ્તુઓ શોધી શોધીને લેવી જોઇએ. આનો અર્થ એ કે પ્રત્યેક વસ્તુ લેતી વખતે એની નિર્દોષતા––સદોષતાનો વિચાર કરવો જોઇએ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## સાહજિક અને પ્રસન્ન સંયમ

ચોથું મહાવ્રત તે બ્રહ્મચર્ય. ભગવાન મહાવીરે શ્રી પાર્શ્વનાથના ચાર યામમાં પાંચમો બ્રહ્મચર્ય યામ ઉમેરીને એનું આગવું મહત્ત્વ પ્રગટ કર્યું. એમણે કહ્યું કે સ્વર્ગમાં અને આ લોકમાં જે કાંઇ શારીરિક કે માનસિક દુઃખ છે તે બધા કામભોગોની લાલચમાંથી પેદા થયેલાં છે. કારણ કે ભોગોપભોગ અંતે તો દુઃખદાયી છે. નદી વહેતી હોય પણ એને બે કાંઠા જોઈએ તે રીતે જીવનપ્રવાહને વહેવા માટે સંયમ જોઇએ આ સંયમ સ્વેચ્છાએ સ્વીકારવામાં આવે તો સ્વસ્થતા અને પ્રસન્નતા અર્પે છે આથી જ ભગવાન મહાવીરે કહ્યું કે, 'તું પોતે જ પોતાની જાતનો નિગ્રહ કર. આત્માનું દમન કર, વાસના, તૃષ્ણા અને કામભોગોમાં જીવનાર અંતે તો દીર્ઘકાળ સુધી દુઃખ પામે છે એમણે કહ્યું દુરાચારમાં પ્રવૃત્ત આત્મા જેટલું પોતાનું અનિષ્ટ કરે છે તેટલું તો ગળું કાપવાવાળો દુશ્મન પણ કરતો નથી. આથી સુખ, શાંતિ અને સમાધિનું મૂળ કારણ સાહજિક અને પ્રસન્નતાપુર્વક સ્વીકારેલો સંયમ છે

## અપરિગ્રહ અને પરમ આનંદ

પાંચમું મહાવ્રત છે અપરિગ્રહનું પરિગ્રહ એ પાપનું મૂળ છે. માત્ર કોઇ વસ્તુની પ્રાપ્તિ કે સંગ્રહ એ જ પરિગ્રહ નથી, પરંતુ કોઇ વસ્તુ માટેની મૂર્છા અને આસક્તિ એ પણ પરિગ્રહ છે આ પરિગ્રહ એ હિંસા, અસત્ય, ચોરી, મૈથુન અને આસક્તિ એ પાંચેય પાપોની જડ છે. આજે આપણે જોઇએ છીએ કે વર્તમાન જગતની અસીમ યાતનાઓનું મુખ્ય કારણ માનવીની બહેકેલી પરિગ્રહવૃત્તિ છે માણસ એમ માને છે કે પરિગ્રહથી સુખ મળે છે પરંતુ હકીકતમાં પરિગ્રહ જ એના દુઃખનું અને બંધનનું કારણ બને છે. માનવીને બાહ્ય વસ્તુઓનો ગુલામ બનાવે છે. આથી ભગવાન મહાવીર કહે છે કે જેમ ભ્રમરો પુષ્પમાંથી રસ ચૂસશે. પરંતુ પુષ્પનો નાશ કરતો નથી, એ જ રીતે શ્રેયાર્થી મનુષ્ય પોતાની વ્યવહારિક પ્રવૃત્તિમાં બીજાને ઓછામાં ઓછો કલેશ કે પીડા આપે છે.

આમ પાંચ યામનું નિરુપણ કરીને ભગવાન મહાવીર કહે છે,

'જેઓ આ રીતે જીવશે, તેઓ જેમ વાયુ ભડભડ સળગતી જ્વાલાઓને ઓળંગી જાય છે, તેમ એવો આદર્શ માનવી પણ સંસારની જ્વલાઓને ઓળંગી, પરમ આનંદનો ભાગી થશે.'

કરૂણામૂર્તી મહાવીર પરમાત્માની

## અ મૃ ત વા ણી

બધા પ્રાણીઓને પોતાનું જીવન પ્રિય છે,
બધાને સુખ અનુકૂળ લાગે છે,
બધા જીવો લાંબા જીવનની કામના કરે છે,
બધાને પોતાનું જીવન પ્રિય લાગે છે,
આ સમજીને કોઇપણ જીવની હિંસા ન કરવી જોઇએ
કોઈ જીવને ત્રાસ ન આપવો જોઇએ, કોઇ જીવ-
તરફ વેર અને વિરોધ રાખવો ન જોઇએ,
બધા જીવો તરફ મૈત્રી ભાવ રાખવો જોઇએ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મહાવીરસ્વામી-ચરિત્ર

શાહ લતાબહેન અરવિંદકુમાર

"જયઇ જગજીવ જોણી, વિયાણુઓ જગગુરૂ
જગાણંદો,
જગનાહો, જગબન્ધુ, જયજગપ્પિયાહો ભયવં,
જયઈ સુયાણં પભવો તિથ્થયરાણં અપચ્છિમો
જયઈ,
જયઇ ગુરૂલોગાણં, જયઇ મહુપ્પા મહાવીરો."

આપણે સાચા મહાવીરના પૂજારી છીએ અને તેમને પૂજીએ તો જ કલ્યાણ થાય, એટલા માટે જ આપણે તેમને બરાબર ઓળખવા જોઇએ. તેમના જીવનને અને તેમના ઉપદેશો ને સારી રીતે જાણો તો જ તેમની આજ્ઞાનુ પાલન થાય, અને તેમની આજ્ઞાનું બરાબર પાલન થાય તો જ તેમની બરાબર પૂજા કરી કહેવાય.

**સમયકૃત્વ :** ભગવાન મહાવીરનું જીવન **સમજવા પહેલું** સમ્યકૃત્વ સમજવું જોઇએ તેમના **જીવનનો પહેલો** બોધપાઠ સમ્યકૃત્વ છે. એની **મહતા કેટલી ?** શ્રી તીર્થંકરદેવોના ભવની ગણના પણ સમ્યકૃત્વ પામ્યા પછી જ થાય ભગવાન મહાવીરના "સત્તાવીશ" ભવો જ કેમ ? શું બીજા ભવો નથી થયા ? મુદ્દો એ છે કે સમ્યકૃત્વ પામ્યાથી મોક્ષે જતાં સુધીના સત્તાવીશ ભવો થયા છે પરંતુ તેની ગણના સમ્યકૃત્વ પામ્યા પુર્વેના તો અનંતા ભવો થયા છે પણ તેની ગણના જ નથી કરાતી. આપણા ભવોનાયે સફળતા કયારે ગણાય? કે જયારે સમ્યકૃત્વ હોય ત્યારે જ સમ્યકૃત્વ વિનાનું અનંતકાળનું ભવભ્રમણ પણ નિષ્ફળ અને ગણના વિનાનું છે.

આ મહાન ચીજની પીછાન પણ કયારે થાય! સમ્યકૃત્વ એટલે શુદ્ધ દેવને દેવ તરીકે માનવા. દેવતો સર્વગુણ સંપન્ન વીતરાગ હોય, ધર્મ અહિંસાથી વ્યાપ્ત સર્વજ્ઞ પ્રણિત દયામય હોય સંસારથી વિરકત ન બને સંસાર તરફની આસક્તિ મંદ ન કરે ને સંયમ તરફનો સાચો પ્રેમ જાગે ત્યારે સમ્યક્ત્વાદિકની ખરેખરી પીછાન થઈ શકે.

શ્રી મહાવીર ભગવાનનો આત્મા સમ્યક્ત્વ કઇ અવસ્થામાં પામ્યો ? નયસારના ભવમાં તેઓ કાષ્ટ લેવા માટે અટવીમાં ગયા છે ગ્રીષ્મઋતુ છે ભોજન કરવા બેસે છે ત્યાં તેમને એ ભાવના આવે છે કે "કોઇ અતિથિ આવે તો દાન દઇને પછી ભોજન કરૂ." અટવીમાં તે મહાનુભાવને આ વિચારો આવે છે. જે આજે ઘણાંને ઘરમાં પણ આવતા નહિ હોય, સદ્ગુણની પ્રાપ્તિ કરવા માટે યોગ્યતા જોઇએ અને એ યોગ્યતાનો ખ્યાલ કરવા માટે "આ નયસાર" નું દૃષ્ટાંત વિચારવા જેવું છે આત્મા પુણ્યવાન હતો અને "પુણ્વાન જે ઈચ્છે તે મળે" એ ન્યાયે ત્યાં સાર્થથી ભૂલાં પડેલાં મહાત્માં મળ્યા નયસારે ઉલ્લાસથી વહોરાવ્યુ નયસારે મહાત્માને માર્ગે ચઢાવ્યા. મહાત્માએ યોગ્ય જાણી ધર્મ સંભળાવ્યો. અહિ તેમને "બોધીબીજ" (સમ્યકૃત્વ) પ્રાપ્ત થયું અને ત્યારથી તેમના ભવોની ગણના થઈ. સમ્યકૃત્વ ગુણ પામ્યા પછી આખી જીંદગીમાં પલટો થઇ જવો જોઇએ. એ આત્માનો સ્વભાવ અને વર્તન જ કાંઇ અનુપમ હોવા જોઈએ તેનું નામ જ એ છે કે "સંસારમાં અનાસકિત મોક્ષની જ ઇચ્છા અને દુનિયાદારીના જગદ્ભરના કાર્યો પ્રત્યે ઉદાસીનતા

નયસારના ભવ પછી ભગવાન સૌધર્મે નામે દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયા પછી ત્યાંથી ત્રીજા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મરિચિના ભવમાં આવ્યા. મરિચિ ભગવાનના શ્રી ઋષભદેવ સ્વામીના પૌત્ર અને ભરત ચક્રવર્તિના પુત્ર હતા શ્રી ઋષભદેવ સ્વામીને કેવળજ્ઞાન થયા પછી તેમણે જ પ્રભુ પાસે દિક્ષા ગ્રહણ કરી. શ્રી મહાવીર દેવના ભવમાં જેમણે ઘોર સંયમ પાળ્યું તેમનો આત્મા મરિચિના ભવમાં સંયમ પાળવા માટે ચારિત્ર વરણીય કર્મના ઉદયથી અશકિતમાન નીવડયો. કેવી કર્મની ગતિ છે ઋષભદેવ સ્વામી તો કેવળ જ્ઞાની હતા તેઓ જાણતાં હતાં. કે મરિચિ પતિત થશે છતાં ભગવાને જાણીને તેને દિક્ષા કેમ આપી ? સંયમના પરિણામથી જે સંયમ લેવાય છે અને તેનું પાલન થય છે તે કાંઈ નકામું જવાનું નથી. અરે ! તેમાં તો એ આત્માઓ પોતાનું કામ કાઢી લે છે. મરિચિથી સંયમ નહિ પળાતા તેણે સંયમ ગુમાવ્યું પણ તેનું દર્શન સમ્યકૃત્વ ગયું નહિ મરિચિથી સંયમ ન પળાયું એટલે ઘેર તો પાછું જઇ શકાય તેમ નહોતુ. જેથી તેણે વેષનું પરિવર્તન કર્યું આ વેષ પરિવર્તનમાં તેમણે એ વિચારો કર્યા કે "મુનિઓ ત્રણ દંડથી રહિત છે અને હું મન વચન, કાયાએ ત્રણ દંડથી દંડાયેલો છું માટે મારો ત્રિદંડીવેષ હો મુનિઓ તો શીલ-સુગંધે કરીને સદા સુગંધીમાન છે અને હું તેવો નથી માટે મને ચંદનનું વિલેપન હો જગતનાં ભ્રમ થયો અને આપણે પણ કહીએ કે પડયા પડયા પણ વેષ ન લજાવ્યો મુનિ હોવા છતાં મુનિપણાનો દંભ ન કર્યો

આ મરિચિને સમ્યકૃત્વમાંથી હાની પહોંચાડનાર "કપિલ" મળ્યો મરિચિ એક વખત બીમાર પડયા મુનિઓએ સેવા ન કરી તેમને મનમાં તુરતજ વિચાર્યું કે તેઓ સંયમી છે અને હું અસયમી છું અસંયમીની સેવા સંયમીઓ શી રીતે કરી શકે ? મરિચિએ જ્યારે કપિલને ભગવાન પાસે જવા સૂચવ્યું ત્યારે તેણે કહ્યું કે શું ? તમારી પાસે ધર્મ નથી. મરિચિએ જાણ્યું કે આ ઠીક કોઇક મારે યોગ્ય લાગે છે. ત્યાં જ મરિચિએ કોટાકોટી સાગરોપમ સંસાર વધારી નાખ્યો ભરત ચક્રીએ શ્રી ઋષભદેવ સ્વામીને પુછયું કે ભગવાન, અહિ ભાવિ તીર્થપતિ થનાર કોઈ આત્મા છે ?

ભગવાને જણાવ્યું છે કે મરિચિ નામનો તમારો પુત્ર આ ભરતક્ષેત્રમાં અંતિમ તીર્થપતિ મહાવીર નામે થશે આ ભરતખંડમાં પ્રથમ વાસુદેવ થશે. આ સાંભળી ભરતમહારાજા મરિચિને ભાવિ તીર્થપતિ થનાર જાણી પ્રમોદથી વંદન કરવા આવ્યા. વંદન કરીને ગયા પછી મરિચિને કુળનો મદ થયો. અહો 'કેવું મારું કુળ' દાદા પ્રથમ તીર્થપતિ પિતા પ્રથમ ચક્રવર્તિ અને હું પ્રથમ વાસુદેવ થઇશ બસ જે પામવાનું હતું તે બધું પામી લીધું આ રીતે જાતિ મદમાં આવી જતાં તેમણે ઘોર નીચ ગોત્ર બાંધ્યું કે છેક સતાવીશમાં ભવમાં તે ઉદય આવ્યું.

પાંચમાં ભવમાં કોલ્લાગના વેષમાં કૌશિક નામના બ્રાહ્મણ થયા. એંસીલાખ પૂર્વને અનુસરીને પુણાપુરીમાં છઠ્ઠો અવતાર થયો. અને વિપ્ર નામનો ત્રિદંડિક વેષ ધારણ કર્યો સાતમાં ભવમાં મધ્ય સ્થિતિમાં સૌધર્મે નામે દેવ થયા. આઠમાં ભવમાં ચૈત્ય સન્નિ વેષે ગયા દશમાં ભવમાં અગ્નિભૂતિ થયા અગ્યારમામાં ત્રીજે સ્વર્ગે રહ્યા બારમાં ભવમાં શ્વેતાંમ્બીપુરી થયા. તેરમાં ભવમાં સ્વર્ગમાં રમીને પણ સંસારમાં ભમ્યા ચઉદમાં ભવમાં રાજગહી ગયા ત્યાં ચોત્રીસ લાખ પૂર્વનું આયુષ્ય જીવ્યા. ત્યાં થાવર નામના ત્રિદંડી બ્રાહ્મણ થયા. ત્યાં પાંચમે સ્વર્ગે ગયા. સોળમાં ભવમાં રાજકુમાર વિશ્વભૂતિ થયા સંભૂતિમુનિ પાસે વરસ દુકકર તપ કર્યું મથુરામાં માસખમણનું પારણું કરવા માટે ગોચરી લેવા ગયા ત્યાં ગાયે ભગવાનને હણ્યા કે પાડ્યા ત્યારે તેમના પિતરાઇ ભાઈ વિશાખાનંદી ખુબજ હસ્યા ત્યારે ભગવાનને ગર્વ થયો ને આકાશમાંથી ઉછળીને ધરતી ઉપર પડયા અને કીધું કે બધાથી વધારે બળ મારામાં હોજો એવું વિચારતા ત્યાં "નિયાણું" બાંધ્યું સતરમાં ભવમાં મહાશુક્ર નામના દેવ થયા અઢારમાં ભવમાં પોતનપુરમાં રાણી મૃગાવતીને ત્યાં ત્રિપુષ્ઠ નામે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વાસુદેવ થયા ત્યાં ઘણું પાપ કરીને સાતમી નરકમાં ગયા વીશમાં ભવમાં સિંહ થયા ત્યાંથી એકવીસમાં ભવમાં સંસારે આવ્યા બાવીશમાં ભવમાં નરભવ લકી પુણ્યદશાને વર્યા ત્રેવીશમાં રાજધાની મુકામે સંચર્યા ત્યાં ધનજય ધારિણીને ત્યાં જન્મ થયો. ચોરાશી પૂર્વનું આયુષ્ય જીવીને પ્રિય મિત્ર પાસે ચક્રવર્તિની દિક્ષા લીધી. ત્યાં કોડી વરસ ચારિત્ર પાળ્યું મહાશુક્ર દેવ નામના દેવ થઇ ભરતક્ષેત્રમાં આવ્યા ત્યાં છત્રિકા નગરીમાં જિતશત્રુ નામે રાજવી થયા. અગીયાર લાખને એંશી હજાર ને છસ્સો વળી ને ઊપર પીસ્તાલીશ દિવસ વધારે એટલે કે જ્યાં સુધી જીવ્યા ત્યાં સુધી વીશ સ્થાનક માસખમણ કરી એટલે કે માસખમણના પારણે માસખમણ કરી "તીર્થંકર" નામ કર્મ નિકાચ્યું ત્યાંથી લાખ વરસ દિક્ષા પાળીને છવ્વીશમાં ભવમાં દેવગતિમાં આવ્યા.

ત્યાંથી સતાવીશના ભવમાં મોહણકુંડ નગરમાં ઋષભદત્ત નામના બ્રાહ્મણ અને દેવાનંદા નામની તેમની ભાર્યા રહેતાં હતાં દેવાનંદાની કુક્ષીમાં પ્રભુ મહાવીરનો જીવ ઉત્પન્ન થયો મરિચિના ભવમાં કુળનો ગર્વ કર્યો હતો તેથી બ્રાહ્મણના કુળમાં આવ્યા. દેવાનંદાએ તે જ રાત્રે ચૌદ સ્વપ્નો જોયા, સૌધર્મેન્દ્ર દેવે બ્રાહ્મણીની કુક્ષીમાં ભગવાનને જોયા પછી તરત જ ત્યાંથી ઈન્દ્ર મહારાજાનું સિંહાસન ચલાયમાન થયું અને ત્યાંથી નીચે ઉતરીને ભગવાનની સ્તુતિ કરવા લાગ્યા. તિર્થંકર દેવનો આત્મા કોઇ દિવસ બ્રાહ્મણ કુળમાં આવે નહિ પછી ઇન્દ્રમહારાજા સુરકરિણગમેષી દેવને બોલાવે છે અને કહે છે કે ભગવાનના ગર્ભનું અપહરણ કરીને ત્રિશલાની કુક્ષીમાં સ્થાપન કરો.

ક્ષત્રિયકૂંડ નામે નગર હતું સિદ્ધાર્થ નામે રાજા હતો ત્રિશલા નામની પટરાણી હતી. તેની કુક્ષીમાં પુત્ર નામે ઉત્પન્ન થયા અને તેજ રાત્રીએ મહા ચૌદ સ્વપ્નો આવ્યા અને સવારે પ્રભાતમાં રાજાને કહી સંભળાવ્યા રાજાએ જોષીને બોલાવીને સ્વપ્નોના અર્થ કર્યા ભગવાન જ્યારે માતાની કુક્ષીમાં આવ્યા ત્યારથી ધન, ધાન્ય, કનકાદિક વૈભવથી વૃદ્ધિ પામ્યા છીએ. તેથી જ્યારે જન્મ થશે ત્યારે આપણે 'વર્ધમાન' એવું નામ આપીશું. ભગવાન જ્યારે માતાની કુક્ષીમાં હલનચલન કરતા હતાં ત્યારે એમ થયું કે મારી માતાને દુઃખ થશે એટલે "સ્થિર" રહ્યાં ત્યારે માતા કલ્પાંત કરવા લાગ્યા અને કહે છે કે મારો ગર્ભ કોણે હરી લીધો હશે ? એવી રીતે ઘણો કલ્પાંત કરે છે પછી ભગવાને "અવધિજ્ઞાને" જોયું અંગ હલાવે છે ત્યારે માતા ખુબ જ ખુશ થાય છે ભગવાને માતાની કુક્ષીમાં અભિગ્રહ કર્યો કે માતાપિતા જીવતા સંયમ ગ્રહણ નહિ કરૂં,

નવ મહિના અને સાડાસાત દિવસે ચૈત્ર સુદ તેરશના દિવસે ભગવાનનો જન્મ થયો જન્મ થતાં ઇન્દ્ર મહારાજાનું સિંહાસન ચલાયમાન થયું. અને તરત જ માતા પાસે ઈન્દ્ર મહારાજા "પાંચરૂપ" ધારણ કરીને ભગવાનને મેરૂ પર્વત ઉપર નવરાવવા લઈ જાય છે. ત્યા એક ક્રોડને આઠ લાખ કળશ જળના ભરેલાં છ ત્યારે ઇન્દ્ર મહારાજાને સંકલ્પ થયો કે ભગવાનની માથે આટલા બધાં જળનાં કળશ રેડીશું તો સહન કેમ કરશે ? પછી તરત જ અંગૂઠો ચાંપીને મેરૂપર્વતને ગગડાવી નાખ્યો. અનંતગણું બળ જાણીને ઇન્દ્રે ખમાવ્યા અને ચાર વૃષભનું રૂપ કરીને ભગવાનનું ન્હવણ કર્યું પછી પૂજા અર્ચના કરીને માતા પાસે મૂકી આવ્યા ભગવાન આઠ વરસના થયા ત્યારે નિશાળે બેસાડયા, ઈન્દ્રે આવીને પરીક્ષા કરી તો નવે વ્યાકરણના જવાબ આપી દીધા બાળ ક્રિડા કરે છે ત્યારે સર્પે આવીને બીવરાવ્યા ત્યારે ભગવાને ફંગોળી નાખ્યા ત્યાં દેવે સાતતાડનું રૂપ ધારણ કર્યું તો ભગવાને મૃષ્ટિ નાખીને જાળી રાખ્યો પછી દેવતાએ ભગવાનને ખમાવ્યા ને "મહાવીર" એવું નામ પાડયું પછી ભગવાન મોટા થતાં માતા-પિતાએ પાણીગ્રહણ કરવાનું કહ્યું જ્યારે માતા કહે છે કે ભાઇ તું વિરાગી છો, તારી આગળ સંસારના કીચ્ચડની વાત કરવી ના ઘટે ! પણ અમારા માનની ખાતર





For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અમારી એક ઇચ્છા છે તે પૂરી કર અને કન્યા યશોદા સાથે પાણીગ્રહણ કર ત્યારે ભગવાને વિચાર્યું કે "ભોગાવળી બાકી છે." તો પછી એમાં માતા-પિતા ખુશી કરાતા હોય અને તેમની આજ્ઞાનું પાલન કરી શકાતું હોય તો એમાં ખોટું શું છે! આ વિચારોથી ભગવાનનું પાણીગ્રહણ થઇ શક્યું છે. "યશોદાને નિરાશ નહિ કરવી" માતા–પિતાને નારાજ નહિ કરવા. " ભોગાવળી બાકી છે " એ વિચારો હતાં જ્યારે આજે એ સંસારમાં ફંદામાં પોતાના સંતાનો ને ફસાવતાં કોઇ માતાપિતાદિકને કાંઇએ ચિંતા કરવી પડે છે. ! ત્યારે છોકરાવમાં હિંમત હોય તો ના તો ન કહે પણ આનાકાની કરે એટલે આજના માબાપ તો તુરત કહી દેશે કે કેમ ન પરણે ! ખબર લઇ નાખું મારી આજ્ઞા કેમ ન માને ! આજે આ સંસારમાં ઝઘડાઓ ચાલતા હોય છે તો તે એના જ છે કે " માબાપે માબાપ બનવું નથી " અને દિકરાઓને દિકરાઓ બનવું નથી. ભગવાને ખૂબ જ વિચારથી તેમ જ માબાપની આજ્ઞાથી યશોદા સાથે લગ્ન કર્યું પછી પ્રિયદર્શના નામે દિકરી થઈ.

ભગવાન અઠ્ઠાવીસ વરસના થયા ત્યારે માતા–પિતા સ્વર્ગે સિધાવ્યા, પછી લોકાંતિક દેવો આવીને પ્રભુને પ્રાર્થના કરે છે કે લોકોનો ઉદ્ધાર કરો, ત્યારે મોટાભાઇ પાસે દિક્ષા લેવાની રજા માંગે છે ત્યારે ભાઇએ બે વરસ સંસારમાં રહેવા આજ્ઞા કરી, પછી એક વર્ષ સુધી પૃથ્વી તલ ઉપર સૌનૈયાની અવિરત વૃષ્ટિ વર્ષાવી છે. એટલે કે વરસી દાન દે છે અને કહે છે કે શ્રાવક અનુકંપાદાન આપે તેમાંયે તેની ભાવદયાનો ઝરો તો વહેતો જ હોય અને એજ પાઠ પ્રભુના વરસીદાનમાં અપાયો છે.

કારતક વદ દશમના દિવસે ભગવાને દિક્ષા લીધી તે દિવસેથી ભગવાન ચારજ્ઞાનના " ધણી " થયા. ઘોર પરિષહો અને ઉપસર્ગો સહી કેવળજ્ઞાન ઉપાર્જીને ધર્મતીર્થની સ્થાપના કરી. મોક્ષ માર્ગ જેવો તો દિપક પ્રગટાવ્યો છે. પ્રભુએ સંયમ લીધા પછી બાર વર્ષ અને સાડા છ મહિના જેટલાં છદ્મસ્થ કાળમાં કોઈ દિવસ જમીન ઉપર પલાંઠી વાળીને બેઠા નથી, આરામ લીધો નથી. શરીરનું શું થાય છે. એની તોકદા પરવા જ કરી નથી. "શરીર તો આત્માનું મંદિર છે" એનાથી ઉપકાર કરવો રહ્યો એટલે તેને સાચવવા માટે દૂધ, દ્રાક્ષ નારંગી વગેરે બધુ જોઈએ પ્રભુએ આવો વિચાર કદી કર્યો નથી. સંગમ નામના અસુરે ભગવાનને ખૂબ જ ઉપસર્ગો કર્યા છે. એક દિવસ સુધર્મા ઇન્દ્રે દેવસભામાં આવી ભગવાનના ધૈર્યની પ્રશંસા કરી ત્યારે અધમ-મતિના સંગમથી સહેવાયું નહિ. તેથી તેણે પ્રતિજ્ઞા કરીને ભગવાનને ચલાયમાન કરવા આવ્યો, તેમને ચલિત કરવાની આશામાં સંગમે એટલા બધાં તો ઘોર ઉપસર્ગો કર્યા કે લગભગ છ–છ મહિના સુધી ભગવાનને આહાર પાણી પણ મળવા ન દીધા, સાડાબાર વરસ સુધી ઘોર પરિસહો સહન કર્યા અને ઘોર અભિગ્રહ કર્યા ખૂબ જ તપશ્ચર્યા કરીને કર્મ ખપાવ્યા.

વૈશાખ સુદ દશમના દિવસે શાળી નામના વૃક્ષ નીચે ભગવાનને કેવળજ્ઞાન થયું એટલે કે જ્ઞાન, કર્મના આવરણો નીચે તીરોભૂત હતું એ આવરણો ખસી જતાં અવિર્ભૂત થયું જ્યારે કેવળ જ્ઞાન થયું ત્યારે કોઈ હાજર ન હતું ફક્ત દેવતા હતા, જ્યાંરે ભગવાને પહેલી દેશના આપી ત્યારે નિષ્ફળ ગઈ ભગવાનની દેશના નિષ્ફળ ગઈ તેને અચ્છેરૂ કહેવાય ભગવાનનું અપહરણ કોઈ દિવસ થાય નહિ પણ થયું તે પણ અચ્છેરૂ કહેવાય ભગવાનને ગોશાળા નામનો ચેલો થયો હતો. તેને "તેજોલેશ્યા" નામ ઉપસર્ગ કર્યો. ભગવાનના વખતમાં સૂર્ય ચંદ્ર, પોતાના વિમાનમાં આવીને વંદન કરવા આવ્યા તે પણ અચ્છેરૂ કહેવાય. ચમરેન્દ્ર નામનો દેવ સૌધર્મ લોકમાં ગયો તે પણ અચ્છેરૂ કહેવાય આમ પાંચ અચ્છેરા ભગવાનના વખતમાં થયા. ઇન્દ્રભૂતિ નામના અગિયાર ગણધરો થયા.

ભગવાનના છદમસ્થ વિહારમાં ઘણાં પ્રસંગોનું



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વર્ણન છે. તેમાં "ચંડ કૌશિક" ના પ્રસંગ (દૃષ્ટાંતનું) વર્ણન કરૂં છું.

ભગવાન વિહાર કરતા એક વનમાં ગયા જ્યાં ચંડકૌશિકનું દર હતું ત્યાં આગળ કાર્યોત્સર્ગમાં ઉભા રહ્યા. ચંડકૌશિકને ઉપકાર થવાનો જાણીને ભગવાન ગયા હતા. તેમણે એકદમ ઉપદેશ આપવા કેમ ન માંડયો ? કહે છે કે જ્યાં સુધી એનાં કષાય શાંત થાય નહિં જિજ્ઞાસાવૃત્તિ જન્મે નહિ અને કહેનાર કોઇક મહાન છે એ બુદ્ધિ જાગે નહિ ત્યાં સુધી તેને ઉપકાર થઇ શકતો નથી ચંડ કૌશિક એક દૃષ્ટિવિષ સર્પ હતો ભગવાન ઉપર દૃષ્ટિ ફેંકી ફેંકીને તે આઘો ખસી જાય છે છતાં પણ પ્રભુને સ્થિર ઉભેલાં જોઈ પગ ઉપર ડંખ મારે છે અને જ્યાં ખસવા જાય છે. ત્યાં તો તેણે ડંખની જગ્યામાંથી ક્ષીર ધારા નીકળતી જોઇ પ્રભુનું લોહી દુગ્ધવર્ણી ક્ષીરની ધારા સરખું હોય છે. એ બધાં પુણ્યના પ્રકારો છે. અને ઉત્તમ પુણ્યના પ્રભાવે કશું અસંભવિત નથી. દૂધની ધારા નીકળતી જોઇ ત્યારે સર્પને આશ્ચર્ય થયું 'નૂતનમેતત' એમ લાગ્યું પૂર્વની આરાધના યાદ આવી, જાતિસ્મરણ થયું પૂર્વના ભવમાં એ મહાત્યાગી મહાત્મા હતો. પ્રભુને પીછાન્યા, શાંત પડયો અને નમ્યો. ચંડકૌશિક આમ બચકું ભરીને બોધિ પામ્યો. હવે પ્રભુ સર્પને ઉદ્દેશીને કહે છે કે "બુજઝ બુજઝ ચંડકૌશિઆ" બસ આનાથી વધારે કાંઈ બોલ્યા નહિ કેમકે પ્રભુનો છદ્મસ્થ કાળ હતો. ભગવાનના ટુંકા શબ્દો સાંભળીને સર્પ તો અમૃતથી સિંચાયો એ જ દરમાં તે મુખ નાખી પાછલો ભાગ બહાર રાખી અનશન કરીને રહ્યો પ્રભુનો યોગ પામીને નાગે તો નિશ્ચય કર્યો કે શરીર મારું નથી લોકો નાગ પૂજા કરવા લાગ્યા અને કીડીઓએ આવી શરીરને ચાલણીવત્ કરી નાખ્યું પણ વ્રતમાંથી તે ચલાયમાન ન થયો. તીર્થંકર દેવનું શાસન પામ્યો.

ચંદનબાળાનું દૃષ્ટાંત :—

ચંદનબાળા દધિવાહન રાજાની પુત્રી હતી. દુશ્મનોતાએ રાજ્ય લઈ લીધું હતું ચંદનાને વેચી દેવામાં આવી હતી. તેને નગરના શેઠે લીધી હતી. નગરનો રાજા શતાનીક અને રાણી મૃગાવતી નામની હતી. શેઠ એક વખત કંઈ કાર્ય પ્રસંગે બહાર ગયા. એ વખતનો લાભ લઇ શેઠની પત્નિએ ચંદનાને ખોટા દ્વેષથી અને ઇર્ષ્યાથી માથું મૂંડાવી હાથ પગમાં બેડી નંખાવી ભોયરામાં પૂરી આ સમયે પ્રભુનો અભિગ્રહ હતો. "માથું મૂંડાવેલું હોય. ઉપવાસી હોય, હાથપગમાં બેડી નાખેલી હોય, આંખમાં આંસુ જતાં હોય, એવી સ્ત્રી ઉમ્બરા બહાર બેઠેલી હોય, સૂપડામાં એક ખૂણા ઉપર રહેલાં બાકુલા વહોરાવે તે તે ખપે" ભગવાન ચાર ચાર મહિના સુધી નગરમાં ફરે અને પાછા જાય છે આખું નગર મૂંઝાય છે. રાજા વગેરે શોક કરે છે ભગવાન. તેનો અભિગ્રહ પૂરો શી રીતે થાય ? ત્યાં ફરતાં ફરતાં પાંચ માસ અને પચીસ દિવસના ઉપવાસી ભગવાન ચંદના પાસે આવ્યા અભિગ્રહમાં એક વાતની ન્યૂનતા જોઇ પાછા વળી ગયા. ચંદનાને આંસુ આવ્યાં ભગવાન પાછા ફર્યા અને પારણામાં બાકુલા વહોર્યા. આમ ચંદનબાળાનું દુઃખ દૂર થયું. અને ભગવાનની ચેલી થઇ.

ભગવાન કેવળી થયા. પછી સંઘ ચતુર્વિધ સ્થાપ્યો કેવળજ્ઞાનને પામ્યા પછી અનેક ગામ નગરને પાવન કર્યું! બહોંતેર વરસના આયુષ્યે દિવાળીના દિવસે શિવપદને પામ્યા. એટલે કે મોક્ષે ગયા.

અંતિમ મનોકામના :– સદ્‌ભાગ્યે આપણે ભગવાન શ્રી મહાવીર દેવનાં સંતાન છીએ પાપનું છેદન કરી ત્યાગ માનની સેવા કરવી એજ આપણું હમેશનું રટણ હોવું જોઇએ. ભગવાન શ્રી મહાવીરદેવના કલ્યાણકનો આગમોનો અને સમસ્ત શાસનનો સાર શો ?

" संयमे महासुखं संसारे महादुखं "

"સંયમમાં મહાસુખ છે અને સંસારમાં મહાદુઃખ છે," બધાંનો સાર છે એટલે જ જ્ઞાનીઓ કહે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છે કે જે આત્માને તે શાસનની અંદર છે, અને જે ન માને તે શાસનની બહાર છે આપણે ઇચ્છીશું કે પ્રભુનો આવો અનુપમ માર્ગ પામીને કોઈપણ આત્મા પોતાનું કલ્યાણ સાધવામાં પ્રમાદ ભુલ કે કદાગ્રહ ન કરે, મલીન આશય તજીને જેઓ એની એની સમ્યગ્ આરાધના કરશે. તેઓ શિવસંપદાના અનંત કલ્યાણના શીઘ્ર ભોકતા થશે.

'તને કોઇ ન મળ્યું' કહેનાર,
પ્રભુ મારે તારા દરિશન કરવા છે,
મને બીક નથી રે લગાર,
પ્રભુ મારે તારા દરિશન કરવા છે.
અંધારી રાતે ખીલા ખોડાણાં,
બે પગ વચ્ચે ખીર રંધાણી,
તોયે સમતાના ધરનાર...
પ્રભુ મારે તારા દરિશન કરવા છે.

ચંડ કૌશિક જેવા સર્પને તાર્યો,
ચંદનબાળાને પારણું કરાવ્યું,
એનો વર્ત્યો જયજયકાર....
પ્રભુ મારે તારા દરિશન કરવા છે.
પાવાપુરીમાં ગૌતમ બોલે,
કોઈ નહિ મારા વીરજીની તોલે.
એવો ગૌતમનો વિલાપ....
પ્રભુ મારે તારા દરિશન કરવા છે.
"સિદ્ધચક્ર" મંડળની બહેનો આજે,
ભકિતભાવથી ગુણલા ગાવે,
અમને ઊતારો ભવપાર....
પ્રભુ મારે તારા દરિશન કરવા છે.

"જય હો પ્રભુ મહાવીરની જય હો."



શ્રી અરિહંત પરમાત્માઓ મોક્ષમાર્ગના સ્થાપક છે અને પ્રરૂપક છે શ્રી સિદ્ધ ભગવંતો મોક્ષમાં રહ્યે રહ્યે સિદ્ધથવાની પ્રેરણા આપે છે. શ્રી આચાર્ય ભગવંતો મોક્ષ પામવા માટે કયા કયા આચાર પાળવાના છે તે દર્શાવનાર છે શ્રી ઉપાધ્યાય ભગવંતો મોક્ષમાર્ગના શાસ્ત્રોનું રસપાન કરાવનાર છે શ્રી સાધુ ભગવંતો મોક્ષમાર્ગના સહાયક છે. પાંચે ય પરમેષ્ઠી ભગવંતો મોક્ષની જ પ્રેરણા આપી ઉપકાર કરે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પરમ કરૂણાનાં અવતાર ભ. શ્રી મહાવીર !

લેખક : મુનિ ધર્મધ્વજવિજય ગણી.

ચૈત્ર શુદ ૧૩નો અપૂર્વ દિવસ એટલે ભવ્યાત્મા સજ્જન જનો માટેનો આત્મખોજનો મુલ્યવાન અવસર...

આ મંગલ દિવસે વિતરાગ પ્રભુ મહાવીર દેવના જીવનને વાંચીએ, સાંભળીએ અને આપણે પણ મહાવીર બનવા પુરૂષાર્થ કરીએ. પ્રભુ શ્રીવીરે સંસારના રખડતા જીવોને તે પ્રેરણા પીયુષ પાયા તેવા પ્રકારનો માર્ગ ચિંધ્યો કે અનાદિકાલથી કર્મજંજીરથી જકડાયેલા સર્વ કોઇ જીવો જો યથાર્થ પુરૂષાર્થ કરે તો તે પણ પોતાના જેવા વીર મહાવીર બને.

શાશ્વત સુખના રાહે જવા તે પરમ વિભૂતિએ આપણને અજોડ સિદ્ધાંતની ભેટ દીધી.

(૧) અહિંસા...... (૨) અપરિગ્રહ ....... (૩) અનેકાંતવાદ....(સ્યાદવાદ)


અહાહા ! આ ત્રણેય માર્ગને અનુસરનારનો જગતમાં કોઈ વેરી જ ન રહે....એ પણ કોઇનોય શત્રુ ન બને.

લોકોત્તર પ્રચંડ ગુણ નિધિ વિશ્વ કલ્યાણકર શ્રી વીતરાગ પ્રભુ મહાવીર સ્વામીના જન્મ કલ્યાણકનો મહા મંગલ દિન. અનંત ગુણસાગર પ્રચંડ સામર્થ્યશાળી એ વિરાગમૂર્તિ પરમાત્માના અનંતશઃ ગુણવૈભવમાંથી એક માત્ર પણ સંપુર્ણ યથાર્થ અભિવાદન કરવા કોણ સમર્થ હોઇ શકે ! લોકાલોક પ્રકાશક કેવલી ભગવંત પણ અસમર્થ........

તેમ છતાં પ્રભુકીર્તનમાં મસ્ત એક ઠાકુરે ભકત શિરોમણી આત્માએ ખરે જ ! ગાયું છે.

ગીતડા મધુરાં ગાઓ ગુણવંતના;
મેળવવા મુકિતના રાજ....
પારણીયે ઝુલેરે આજ,
મહાવીર પ્રભુ પારણીએ ઝુલે રે આજ....

## દેવાધિદેવ મહાવીર પરમાત્મા



જે પ્રભુના અવતારથી અવનીમાં, શાંતિ બધે વ્યાપતી
જે પ્રભુની સુપ્રસન્ન ને અમીભરી, દૃષ્ટિ દુઃખો કાપતી,
જે પ્રભુએ ભર યૌવને વ્રત ગ્રહી, ત્યાગી બધી અંગના;
જે તારક જિનદેવના ચરણમાં, હોજો સદા વંદના.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અનંતાનંત જન્મોના મહાન પ્રબળ પુણ્યના ઉદયે ક્ષત્રિયકુંડ નગરનામહારાજાધિરાજ સિદ્ધાર્થ-રાજાની મહારાણી જગતમાતા ત્રિશલાદેવીની રત્ન-કુક્ષીએ વિશ્વોપકારી પ્રભુ મહાવીરનો જન્મ થયેલ મહા ભાગ્યવંતા એ અદ્ભુત બાળના જન્મથી તો ઈન્દ્રના મહા આસનોય કંપી ઉઠેલા ક્રોડો દેવ-રાણીઓ ઇન્દ્રોની અપ્સરાઓને પણ શરમાવે તેવું મંગળ સૌભાગ્ય એ મહારાણીને પ્રાપ્ત થયેલ મહામાતા ત્રિશલાદેવીની પરમપાવની કુક્ષીએ આ બાળનું આહ્‌વાન થતાં જ મહારાજા સિદ્ધાર્થના રાજ્ય ભંડારો કુબેર ભંડારની સરસાઇ કરતા હતા. અને તેથી જ તો વર્ધમાન કહેવાયા.

મહાતારણહાર ! મહાસાર્થવાહના જન્મના પરમ પ્રભાવ રૂપે ત્રણે લોકમાં આનંદ આનંદ છવાઈ ગયો જન્મતાની સાથે જ એ મહાબાળ ત્રણજ્ઞાનનાં ધણી હતા ત્રણેય લોકની સર્વ સમૃદ્ધિ એના ચરણે આળોટતી હતી. બાળપ્રભુ મહાવીરના અદ્ભુત સામર્થ્ય પાસે તો એકવાર ઇન્દ્રાધિરાજ ખુદ ચકરી ખાઇ ગયેલ. જન્મતાની સાથે જ અડગ આકંપ્ય મેરૂશિખરને નાનકડા પગના અંગુઠાના સ્પર્શ માત્રથી ચલાયમાન કરનાર વિરાટ સામર્થ્યનિધિએ પરમાત્માની પાસે ઇન્દ્ર મહારાજા પણ ઓવારી ગયેલા અતુલ બળવંત પ્રભુ મહાવીર ! શાસનના શુભ કાર્યો કરવા અમોને એવા અપાર બળ નસે નસમાં આપજે.

અનંત શકિત સામર્થ્ય જ્ઞાનાદિકના શુભયોગ છતાં રાજવીય વિરાટ સંપત્તિ સન્માનતા ભોકતાં છતાં પ્રભો મહાવીર સાગરવર ગંભીર હતાં, જળ-કમળવત્ અલિપ્ત જ હતાં અને આપણે એણે જેને ત્યાગ્યું ફગાવ્યું તે લેવાં તલપાપડ ! ત્રણેય લોકની સંપત્તિના અધિપત્ય છતાં વિરાટ વિરાગ-મૂર્તિ એ મહાત્માના રોમ રોમમાં વ્યાપેલી હતી. વિશ્વનાં પ્રાણીમાત્રની આત્મ કલ્યાણની મહામંગલ કામના.

" સવિજીવ કરૂં શાસન રસી " ની વિશ્વ આત્મૈદ્રત્વ ભાવનાથી પ્રચંડ ભાવિત એ મહાત્મા સંસાર સુખોના અનુરાગી શે બને ! અવનવા સંયોગોની વેલીએ બંધાએલા એ મહાયોગી ત્રીસ વર્ષના સંસાર કાળમાં પણ જળકમળવત્ અલિપ્ત જ રહેલા તદ્દન નિર્મોહી એ મહાત્મા ક્યાં ! અને મોહમાં ચકચુર બનેલા ભાન ભુલ્યા આપણે ક્યાં ! મહાવીર ઓ મહાસાર્થવાહ ! અમોને પરમ પંથ બતાવો.

" ભોગ એજ મહારોગ છે " એ મહામૂલા તારા વચનામૃતો અમને હૃદયે કેમ જચતા નથી ! તેમાં તારો કોઇ દોષ– ના ના તારા અનુયાયીની જડલાલસાઓ પ્રતિની આશકિત જ કારણભૂત.

કા વ. ૧૦ ના મંગળાત્તમ દિને એ ભીષણ-ત્યાગી મહાત્માએ સર્વ મોહત્યાગી પ્રવજ્યા ગ્રહણ કરેલ નસેનસમાં વ્યાપેલ પ્રાણીમાત્ર પ્રત્યે આત્મ-કલ્યાણની વિરાટ ભાવનાઓને સાકાર કરવા કાજે-સ્તો ઘનઘોર ઘાતી કર્મોનું પ્રણાશન કરી કેવળજ્ઞાની મહામંગલા પ્રાપ્ત કરવા કાજે નો.... ભગીરથ આત્મ પુરૂષાર્થ એજ ક્ષણે બિના વિલંબે શરૂ થઈ ચુકયો.

રાજમહેલમાં રહી લાખો સ્નેહ ઝરણાંઓને પીતો એ લાડકવાયો રાજકુમાર ત્રિશલાદેવીનો નંદન આજે એકલો–અટુલો ચાલ્યો વન જંગલની ઘનઘોરે વાટે... વિરાટનીએ વિરાગ વિરલ પળને નિહાળનારા સહું કોઈના રૂદનની સીમા ન રહી સ્નેહીઓના હૈયાફાટ રૂદન છતાં સંસારના સર્વ સંબંધોને વિનાશવંત સમજનાર દુન્યવી સ્નેહને જ પરંપરાએ દુઃખનું મૂળ સમજનાર અનંતના પ્રવાસીએ મહાયાત્રિકે આજે વિરાટ ભણી દોટ મુકી આત્મ સાધનાના મહાદુષ્કર પથ પર...

પ્રભુ ગુણ ભાવીત ભકત ઈન્દ્ર પ્રભુના ચરણો પકડી કહેવા લાગ્યા.... પ્રભો સાધના કાળ દરમ્યાન આપના ઉપર ભયાનક ઉપસર્ગોની ઝંડીઓ વરસશે. મહાકૃપાળુ ! ભકિત અર્થે સાથે રહેવાની મને અનુમતી આપો....પણ મહાવીર તો મહાવીર હતા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સ્વયં પુરૂષાર્થ દ્વારા જ કર્મનો ચૂરો કરીને લોકાલોક પ્રરૂપક બનનાર હતા તેથી જ એકલવીર બની ભવ્ય પુરૂષાર્થ સાથે સામે ચડીને કર્મોના હિસાબ ચુકવવા નીકળેલા.... જગતાલંબન પ્રભુને તે વળી કોનાં આલંબનની આવશ્યકતા ! કોણ કલ્પી શકે એ વિરાટ વીરની પ્રચંડ આત્મ સાધનાને !

સાડા બાર વર્ષના વિરાટ સાધના કાળ દરમ્યાન એ વિરાગમૂર્તિએ માત્ર અડતાલીશ મિનિટ જ નિદ્રાં લીધેલ.... અને તેય ગોદોહીકા આસને બેઠાં બેઠાંજ ...


સંસાર વિનાશી પદાર્થોની મોહજાળમાં લય લુબ્ધ બનીને આત્મશ્રેયના જ મહામંગલ મહામૂલાં પંથને ઠોકરે ચઢાવતા અમે મુર્ખ શિરોમણી નિર્બળાત્માઓને ઓ અનંત બની મહાવીર તું કઇ પ્રેરણા આપશે ! તારા પ્રચંડ પુરૂષાર્થને પામીનેય અમારી તુચ્છ મનોવૃત્તિ નાશ પામશે ખરી ! વીરાગી પ્રભુ મહાવીર ! તારા શાસનના મહામંગળત્તણ કાર્યો કરતાંય વિનાશી વેશ્યા (લક્ષ્મી) ને વહાવી માનતા અમો તારા અનુયાયીઓ કયાં !

અને વિરાટ પુણ્યબળથી પ્રાપ્ત થયેલ રાજવૈભવોને સર્પકાંચળી માફક ફગાવી પ્રાણીમાત્રના શાશ્વતકલ્યાણની મનોભાવના કાજે સાડા બાર વર્ષ સુધી ઘોર કષ્ટો સહેનાર તું કયાં !

મહાવીર ! મહાવીર ! વિશ્વકલ્યાણકર ઓ વીર !

માનભોગની મધુપાયી તીક્ષ્ણ તલવાર ચાટવા દોડતા હોય ઝાંઝવાના નીર પાછળ ભ્રમણના તરંગે દોડનાર મૃગલાઓની નિર્ભાગી લેખાવતાં. અમારા જેવા અજ્ઞાન શિરોમણી આત્માઓનો એ મહાવીર તું બેલી કયારે બનીશ ?

તારૂ આજનું મહામંગલકારી જન્મકલ્યાણક અમોને જરૂર પ્રેરણાદાથી બને અને માત્ર ક્ષત્રિયકુંડ નગરજ નહિ, માત્ર ભારતવર્ષ જ નહિ પરંતુ આ સમસ્ત વિશ્વ કલ્યાણકર તારા જન્મના મધુર સરોવાદન કરનારૂં શુદિ તેરસનું મહામંગળકારિ પ્રૌઢ પ્રભાવી પ્રભાત આ જગતના વિશ્વના સકળ જીવજંતુગણનું કલ્યાણપ્રદ કલ્યાણને ઇચ્છિત લક્ષ્મીને અર્પનારૂં બનો એજ એક મહામંગળ મનોકામના



દુઃખ ગમે તેટલું આવે તો પણ પોતાની દુઃખ પામવાની યોગ્યતાથી તે ઓછું છે, એમ માનો. સુખ ગમે તેટલું થોડું હોય તો પણ તે પોતાની સુખ મેળવવાની યોગ્યતા છે, તેના કરતાં વધુ છે, એમ માનો, તેથી તે આર્તધ્યાનનું કારણ ન બનતાં ધર્મધ્યાનમાં વૃદ્ધિ કરનાર થાય છે,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી નવકારની આરાધના

-: સંપાદક :-

પરમ પુજ્ય મુનિરાજશ્રી વજ્રસેનવિજયજી મહારાજ સાહેબ

નવકાર મહામંત્ર જેના અંતઃકરણમાં વાસ કરે તેની અંદર પાપરૂપી ક્રિયાઓ આવી શકતી નથી.

જે જંગલમાં કેસરી સિંહ હોય ત્યાં હરણીયાં આવી શકતાં નથી, જ્યાં બિલાડી હોય ત્યાં હરણીયા આવી શકે. તેવી જ રીતે નવકારરૂપી સિંહ જ્યાં હોય, ત્યાં પાપરૂપી હરણીયા રહી ન શકે નવકારનો પ્રભાવ જ એવો છે.

**सव्वपावपणासणो** પદ જ કહે છે, કે નવકાર એ સર્વ પાપોનો નાશ કરે છે. પણ હૃદયમાં સાચી શ્રદ્ધા જોઇએ. તે અચિંત્ય શ્રદ્ધા લાવવા માટે જ નવકારની આરાધના કરવાની છે.

હવે એ નવકારની આરાધનાનું સ્વરૂપ અને શ્રી નવકારનો અચિંત્ય પ્રભાવ વિગેરે આપણે વિચારીએ

આ જગતમાં જેટલું જ્ઞાન ફેલાયું છે, તે શ્રી નવકારના ફુવારા રૂપ છે. આપણે આ વાત સ્વીકારીએ તો છીએ પણ પરોક્ષ રીતે સ્વીકારીએ છીએ.

શ્રી નવકારના ગણનારા લાખો છે, પણ તેના પ્રભાવની પ્રગટ પ્રતીતિ નથી. તે પ્રતીતિ કયારે થાય ? જ્યારે નવકાર મહામંત્ર પ્રત્યે અચિંત્ય શ્રદ્ધા પ્રગટ થાય, ત્યારે જ તેના પ્રભાવની પ્રતીતિ થાય.

શ્રી નવકાર મનમાં આવ્યા પછી સઘળી ઇચ્છાઓ પૂરી થાય છે. નવકારથી મોક્ષસુખની પ્રાપ્તિ થાય છે અને મોક્ષસુખની પ્રાપ્તિ કરાવનાર શ્રી નવકારથી અન્ય સુખો તો અવશ્ય મળવાનાં જ છે, ફક્ત શ્રદ્ધા જોઈએ. અન્ય સુખો માટે નવકારનું ધ્યાન નથી કરવાનું, ધ્યાન કરવાનું છે મોક્ષપ્રાપ્તિ માટે જ પણ નવકારનું અચિન્ત્ય સામર્થ્ય તે નવકાર સ્મરણ કરનારના સર્વસંકટ ચૂરે છે, સર્વ વાંછિતને પૂરે છે. આ રીતે તેના પ્રભાવની પ્રતીતિ થાય તો જ નવકાર પ્રત્યે શ્રદ્ધા વધુ દૃઢ બને.

શ્રી નવકાર સાચા ભાવે હૃદયમાં આવે એટલે બુદ્ધિ ચલિત હોય, તો પણ શુદ્ધ થઇ જાય છે. જે નવકારમાં મુકિત આપવાની શકિત છે, તે નવકારનું અચિન્ત્ય સામર્થ્ય છે, તે સર્વ ઇચ્છિતોને પૂર્ણ કરે જ છે. કોઈપણ કાર્યમાં શ્રી નવકારમંત્ર સિદ્ધિ ન આપે, તે વાત બને જ નહિ.

શિવકુમારને મહાસંકટમાંથી પાર ઉતારનાર નવકાર મહામંત્ર છે. અમરકુમારને પણ નવકારમંત્રે જ રક્ષણ આપ્યું છે શિવકુમાર મહાજુગારી હતો. પિતાએ તેને કહેલું કે મહાસંકટ વખતે નવકારને યાદ કરજે. આ વાત યાદ રાખી તેને સંકટ સમયે નવકારને ગણ્યો તો તેનું સંકટ દૂર થયું. શિવકુમારની કથા કહે છે કે શ્રી નવકાર ધનના અર્થીને ધન, કામના અર્થીને કામ અને મોક્ષના અર્થીને મોક્ષ આપે છે આ વાત નવકારના અચિન્ત્ય સામર્થ્ય સૂચવવા માટે કહેલ છે. આમ માનવું એ પાપ નથી પણ મોક્ષ આપનાર પાસે તુચ્છ વસ્તુ માંગવી તે પાપ છે.

માણસનું મન પોતાની ઇચ્છાની પૂર્તિ ઊપર ખાસ ચોંટી રહે છે. તો કઇ ઇચ્છા રાખવી ? શ્રી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નવકાર પાસે શું ઇચ્છવું ? જ્ઞાની તો કહે છે કે **શ્રી નવકાર પાસે મોક્ષની જ માંગણી કરો.**

શ્રી નવકાર પાસે નવકારના ફળ તરીકે નવકાર માંગવો જોઈએ બાકીની તમામ ઇચ્છા તો તેનાથી પૂર્ણ થવાની જ છે

દરેકનાં સંકટ એટલે કે મુશ્કેલીઓ જુદા-જુદા પ્રકારની હોય છે, તે વખતે મોક્ષાભિલાષ રહે પણ આવેલું સંકટ નિવારવાની ઇચ્છા થાય જ નહિ તે તો મહાપુરૂષ ગણાય. સાચા ભાવથી નવકારમંત્ર ગણનારના સર્વસંકટો દૂર થાય જ છે. તે માટે શાસ્ત્રમાં અનેક દૃષ્ટાંતો આવે જ છે. મયણાસુંદરીના વચનથી શ્રીપાળ મહારાજાએ નવપદને સેવ્યાં તો રોગ દૂર થયો, સંપદા પામ્યા અને ઉત્તરોત્તર નવમાં ભવે મોક્ષસુખને પ્રાપ્ત કરશે. આ રીતે નવકારમંત્ર સર્વ સંકટોને દૂર કરી અને મોક્ષસુખને પ્રાપ્ત કરાવે છે. અમે તો કહીએ છીએ કે નવકાર પાસે મોક્ષસુખ માંગો, રત્નત્રયી માંગો ચારિત્ર માંગો-સિવાય કશું જ નહિ.

શ્રી તીર્થંકરદેવો સંયમ ગ્રહણ કરવાના બાર મહિના પહેલાં જેને જે જોઇએ તે આપે છે પણ ભગવાનની પાસે આવતાં-આવતાં જ યાચકની ઇચ્છાઓ ઓસરી જાય છે. આ વાતનો ખ્યાલ હોય તો ભૌતિક ચીજો માંગવાની ઇચ્છા જ મરી જાય.

શ્રી નવકારમાં એક શ્રી આદિનાથ દાદા કે એક **શ્રી મહાવીરસ્વામી પરમાત્મા જ નથી,** પરંતુ તેવા અનંતા શ્રી તીર્થંકર દેવો છે, માટે તેના ( શ્રી નવકારના ) પ્રત્યેક અક્ષરનું ભાવથી શુદ્ધ ઉચ્ચારણ કરવું જોઈએ.

નવકાર ગણવા બેસતા પૂર્વે નિર્વિઘ્ને ગણી શકાય અને તેમાં આવતાં વિઘ્નોનું નિવારણ કરી શકાય એટલા માટે રક્ષણ પાંજરારૂપે વજ્રપંજર સ્તોત્ર ગણીને શ્રી નવકાર ગણવાનું વિધાન છે.

શક્તિને અતિક્રમ્યા સિવાય કે ગોપવ્યા સિવાય ધર્મારાધના કરીએ તો તેનું પૂરેપૂરું ફળ મળે છે. શ્રી નવકારના એક એક અક્ષરમાં અનંતો અર્થ છે.

શાસ્ત્રમાં લખ્યું છે કે શ્રી નવકારના પ્રત્યેક અક્ષર ઉપર ૧૦૦૮ વિદ્યાઓ છે. તે સિવાય બીજી ઘણી શક્તિઓ છે. જેમ મોમાં કોળિયો નાખીને ચાવતી વખતે બીજો કોઇ વિચાર કરતા નથી, તેમ શ્રી નવકાર ગણતી વખતે બીજો કોઇ વિચાર ન કરવો.

આરાધનામાં એકાગ્રતા કેળવવા માટે શ્રી પરમાત્માની પ્રતિમાજી સામે ઉભા રહી, બેસી, આસન ગોઠવી, શુદ્ધ ઉચ્ચારપૂર્વક શ્રી નવકારનો જાપ કરવો. આમ તેઓશ્રીની પ્રતિમાજીના આલંબને શ્રી નવકારની આરાધના એકદમ પ્રાણવંતી બને છે.

નવકારમંત્રની સાચી આરાધના ઉપધાન તપ કરવાથી થાય છે અને ઉપધાન કરવાના સાચા અધિકારીઓ સમ્યગૂદૃષ્ટિ આત્મા છે. ત્રણે લોકમાં સમ્યગૂદૃષ્ટિ જીવનું અસાધારણ તાત્ત્વિક મહત્વ છે. પ્રથમ ઉપધાન તપમાં મુખ્યત્વે નવકારમંત્રની જ આરાધના છે. ઉપધાન તપ કરેલ આત્મા જ નવકાર મંત્રનો સાચો અધિકારી બને છે.

શ્રી નવકારમાં પંચપરમેષ્ઠિ ભગવંતોની આરાધના છે. પંચપરમેષ્ઠિને નમસ્કાર કરવામાં આવેલ છે.

શ્રી પંચ પરમેષ્ઠિ નમસ્કારને મહાશ્રુતસ્કંધ કહ્યો છે. બીજા બધા કેવળ શ્રુતસ્કંધ છે. બીજા સુયોગ્ય મંત્રો સોનાની પેટી જેવાં છે. જ્યારે શ્રી નવકાર એ ૬૮ અણમોલ રત્નોની પેટી છે.

એટલે શ્રી નવકારના પ્રત્યેક અક્ષરને અક્ષરપદ તુલ્ય ભાવ આપીને ઉપયોગપૂર્વક ભજવો જોઇએ.

ગમે તે પદાર્થનું નામ બોલતા 'અ' 'રિ' 'હ' 'તા' કે 'ણ' ' વગેરે અક્ષરો પૈકી એક પણ અક્ષર બોલવામાં આવે ત્યારે તમારો ઉપયોગ શ્રી અરિહંતાદિ પંચ પરમેષ્ઠિ આમય બને, એટલે માનવું



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કે શ્રી નવકાર તમને લાગુ પડયો છે. જીવના સંસારના ક્ષયની પ્રક્રિયા શરૂ થઈ છે.

શ્રી નવકારના અડસઠે અક્ષરો જાપ માટે અનુકૂળ છે, તેમ ધ્યાન માટે પણ અનુકૂળ છે. ચાર દિશા અને ચાર વિદિશા (ખૂણા) એમ અષ્ટદલ કમલમાં ચૂલિકા સહિત શ્રી નવકારની વિધિ બહુમાનપૂર્વક સ્થાપના કરીને ગણવાથી એકાગ્રતા, રસ પ્રીતિ, તન્મયતા વગેરેમાં ઝડપથી વૃદ્ધિ થાય છે. જેમને આ રીત ન ફાવે, તેઓ નવકારવાળીથી શ્રી નવકાર ગણી શકે છે.

સૂર્યના પ્રત્યેક કિરણમાં તિમિરને દૂર કરવાની સ્વાભાવિક શકિત રહેલી છે. તેમ શ્રી નવકારના પ્રત્યેક અક્ષરમાં પાપરૂપી મળનો ક્ષય કરવાની સ્વાભાવિક શકિત રહેલી છે. એટલે શ્રી નવકારનો જાપ શરૂ થતાની સાથે તેમાંથી પ્રગટતા ધ્વનિ–તરંગો પાપક્ષય કરવા માંડે છે.

શરીરના કોઈ અવયવને હલાવ્યા સિવાય કેવળ મનથી જ શ્રી નવકારનો જાપ કરવાથી વધારે પાપનો ક્ષય થાય છે. જાપમાં આસનનું આગવું મહત્વ છે મેરૂ દંડ સ્થિર રહે તેવા આસને શ્રી નવકાર ગણવાથી જાપ જન્ય શકિતનું ઉર્ધ્વીકરણ થાય છે. જે ભાવમળનો ક્ષય કરવામાં અપાર મદદ કરે છે.

પૂજાનાં વસ્ત્રો ધોયેલા તથા ઊંચી જાતના રાખવાં. જાપ માટેના જુદાં રાખેલાં વસ્ત્રો વારંવાર ન ધોવાં વારંવાર ધોવાથી જાપજન્ય જે શુદ્ધ શકિતથી તે વસ્ત્રો વાસિત થયેલાં હોય છે, તે શકિત તે વસ્ત્રોને ધોવાથી નાશ પામે છે. એટલે જાપ માટેના વસ્ત્રો મેલાં ન થાય. તેની કાળજી રાખવી જોઇએ.

કાળજી તો પૂજાનાં વસ્ત્રો મેલાં ન થાય તેમાં પણ રાખવાની જ છે. તેમ છતાં તેને ધોવામાં હરકત નથી. એટલે એમ ન માનવું કે દેવાધિદેવની પૂજા-ભકિત વગેરે શ્રી નવકારની આરાધના કરતાં ગૌણ છે. પણ જે આરાધના જે વિધિએ કરવાથી વધુ આત્મલાભનું શાસ્ત્રોકત વિધાન છે, તેનો તે સંદર્ભમાં આદર કરવો તે આપણો ધર્મ છે

જાપ માટેના સમય અને સ્થાન એક રહે છે, તો વધુ બળ મળે છે. દિશા ઊત્તર યા પૂર્વ રાખવી અથવા જે દિશામાં દેવાધિદેવની પ્રતિમાજીનું મુખ હોય તે રીતે બેસવું. વિધિનું બહુમાન કરવાથી શ્રી જિનાજ્ઞા તરફ વિધેયાત્મક વલણ કેળવાય છે, તેમ જ ભાવોદ્દીપન સારી રીતે થાય છે.

આરાધક આત્માએ, આત્મ સ્વભાવના આરાધક બનવાનું છે, તે લક્ષ્યમાં રાખવું. એટલે આત્માના સ્વભાવ વિરૂદ્ધના સર્વ પ્રકારના વલણનું જીવન ઉપરનું ચલણ ધીમે–ધીમે નાબુદ થશે.

"નિત સમરો નવકાર" માંથી સાભાર

---

પરહિતની વૃત્તિ અને પ્રવૃત્તિમાં સ્વહિતનું સંવેદન થવું–એ સાધના શુદ્ધ રીતે થઈ રહી છે, એનું પ્રમાણ છે. મારા પ્રયત્ન સિવાય મને કોઇ સુખી કરી શકે નહિ, એવા એકાંત વાદમાં જીવરાશિની હિતચિંતા કરનારા મહાન આત્માઓની અવગણના થાય છે, તેમજ મહાન આત્માઓનું અસ્તિત્વ જ નથી અથવા છે તો પણ તે આત્માઓ પણ પોતા સિવાય અન્યનું કશું ય શુભ કરી શકતા નથી, એવી મિથ્યા માન્યતાનું પોષણ થાય છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સાચો ધર્મ કોને કહેશો?

લે. પ્રફુલ્લા આર. વોરા બી એડ કોલેજ

સંસારના બગીચામાં જીવનના ગુલાબને સુવાસિત રાખવા સૌન્દર્ય પ્રસાધનોની માથાકુટમાં આપણે મનુષ્યો દરરોજ સવારમાં આરસીમાં આપણી જાતને જોઈ મલકી જઈએ છીએ. ઉજળા દાંત અને રૂપાળો ચહેરો જોઈ આપણે માની લઈએ છીએ કે આજ સાચું સૌન્દર્ય છે. આપણે વિચારીએ છીએ કે આ રૂપાળા લાગતા ચહેરાને કોઈ ડાઘ લાગ્યો જ નથી. કદાચ ડાઘ લાગ્યો હોય તો પણ આ ડાઘ સાબુથી કાઢી નાખી આપણે શુદ્ધ થઈ ગયાનો આત્મસંતોષ લઈને ફરીએ છીએ.

મોં ઉપર લાગેલા ડાઘને ધોવા માટેના અનેક પ્રસાધનો પ્રાપ્ય છે. ચહેરાના બાહ્ય સૌન્દર્યને જોવા માટે અસંખ્ય આરસીઓ મળશે, પરંતુ એકાદ ક્ષણ માટે વિચારીએ તો કેટકેટલા પ્રશ્નો આપણી સામે વિંટળાયેલા માલુમ પડશે

આરસી દ્વારા શરીરનું સૌન્દર્ય દેખાશે પરંતુ આત્માનું સૌન્દર્ય એમાં જોઈ શકાશે? આત્માના ડાઘને જોવા માટે કોઈ આરસી મળશે ખરી?

આ ડાઘને સાફ કરવા શેની જરૂર છે? ઉપરથી રૂપાળા દેખાતા ચહેરા ઉપર અસત્ય, અસંયમ અને અનીતિના કેટલા અપવિત્ર ડાઘ લાગેલાં છે? અંતરના રૂપ અને પવિત્રતાને જાળવવા આજે ધર્મની જરૂર છે.

ધર્મ માનવના જીવનને તેજસ્વી બનાવે છે. ધર્મ જીવનમાં સંસ્કારના પ્રાણ ફૂંકે છે.

આપણને વિચાર આવે છે કે ધર્મ જીવનમાં વ્યાપક છે તો ધર્મ ક્યાં છે? ધર્મ કેવો છે? ધર્મ કેમ દેખાતો નથી? ભૂખ લાગે ત્યારે ધર્મ ખવાતો નથી કે તરસ લાગે ત્યારે ધર્મ પીવા માટે ઉપયોગી નથી. જો ધર્મ દેવા પેટે કામ ન લાગે તો તેવા ધર્મનુ મહત્ત્વ શું?

ધર્મએ ઝાડના મૂળિયાં જેવો છે? જે રીતે મૂળ જમીનમાં દટાયેલાં રહે છે. છતાં ઝાડને ટકાવવા ઉપયોગી છે. તે રીતે ધર્મ જીવનને ટકાવે છે. વૃક્ષો ફળે છે, ખીલે છે અને મીઠાં ફળો આપે છે. તેનો આધાર મૂળિયાં છે તે રીતે જીવનની સમૃદ્ધિનો સાચો આધાર ધર્મ છે.

તો હવે સાચો ધર્મ કયો? ક્રિયાકાંડો અને અન્ય વિધિઓનું મહત્ત્વ હોય તે? જે ધર્મ મનમાં અશાંતિ ઉત્પન્ન કરે અને માનવતાથી દૂર લઈ જાય છે તે ધર્મ?

જૈન ધર્મમાં ધર્મના–એટલે કે સાચા ધર્મના લક્ષણો આ પ્રમાણે ગણાવ્યા છે,

જે ધર્મ મૈત્રીનો ભાવ જગાડે તે સાચો ધર્મ જે મનુષ્યના હૃદયમાં સાચા ધર્મના અંકૂર ફૂટયા હોય તેને આખુ વિશ્વ મિત્રોથી ભરેલુ લાગે તેની વાણીમાં મૈત્રીભાવનું અખૂટ ઝરણું વહેતું હોય છે.

સાચા ધર્મનું બીજું લક્ષણ છે કરૂણા. સત્તા અને ઘમંડમાં ચૂર બનેલા આત્માના હૃદયમાં કરૂણાનો ભાવ પ્રગટતો નથી. તેવા આત્મા પ્રત્યે જેના હૃદયમાં કરૂણા પ્રગટે તે સાચા ધર્મભાવનાવાળી વ્યક્તિ ગણી શકાય ભગવાન મહાવીરની કરૂણામય દૃષ્ટિથી કોણ અજાણ છે?

જે વ્યક્તિ જગતના દુ:ખે દુ:ખી હોય તે જ વ્યક્તિ ધર્મના માર્ગે છે તેમ કહી શકાય. કર્તવ્યનિષ્ઠા, દયા, પ્રેમ અને સમર્પણના ભાવમાં સાચો ધર્મ સમાયેલો છે.

સાચા ધર્મની સીડી ચડવા માટે ઉપર જણાવેલાં પગથિયા ચડવા પડશે. આત્મનિરીક્ષણ અને આત્મચિંતન કરવુ પડશે જીવનની આરસીમાં શુદ્ધ પ્રતિબિંબ મેળવવા માટે બાહ્ય નહિ પણ આત્માનું સૌંદર્ય જરૂરી છે અહમ્‌ને ઓગાળીને કર્તવ્યનિષ્ઠ બનવામાં સાચો ધર્મ સમાયેલો છે. જ્ઞાની પુરુષોએ આ માટે ભવ્ય પુરુષાર્થ કર્યો છે. આપણે પણ તેઓના રસ્તે ચાલીએ.

જૈનં જયતિ શાસનમ્



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નવ સ્મરણ કંઈ રીતે ગણવા ?

(૧) નમસ્કાર-મંત્રનું સ્મરણ કરતી વખતે પંચ પરમેષ્ઠિ અથવા નવપદનો આકાર આંખ આગળ રાખવો.

(૨) ઉવસગ્ગહરંનો પાઠ કરવાના સમયે શ્રી ચિંતામણિ પાર્શ્વનાથને યાદ કરવા.

(૩) સંતિકરં ગણતા શાંતિનાથ ભગવાનનું સ્મરણ કરવું.

(૪) વિજય મુહૂર્તના સ્મરણ સમયે એકસો સિત્તેર જિનનો યંત્ર આંખ સામે રાખવો.

(૫) નમિઊણના પાઠ વખતે ચિંતામણી-પાર્શ્વનાથને યાદ કરવા.

(૬) અજિત શાંતિ ગણતી વખતે શ્રી અજિતનાથ અને શ્રી શાંતિનાથ પ્રભુનું સ્મરણ રાખવું.

(૭) ભકતામર ગણતા શ્રી આદિનાથ પ્રભુની પ્રતિમાનું ધ્યાન ધરવું.

(૮) કલ્યાણ મંદિરના સ્મરણ સમયે પાર્શ્વનાથ-પ્રભુને સંભારવા

(૯) બૃહત્શાંતિના પાઠ સમયે ચોવીશે-ચોવીશ જિનની પ્રભુ-પ્રતિમાઓ નજર સમક્ષ યાદ કરવી.

# શ્રી નવસ્મરણાદિ સ્તોત્ર સન્દોહનું પ્રકાશન

શ્રી નવસ્મરણાદિ સ્તોત્ર સન્દોહનું મુનિશ્રી ચરણવિજયજી મહારાજ સાહેબ દ્વારા સંપાદન કરાવી વિ. સં. ૧૯૯૨માં આ સભા તરફથી પ્રકાશન કરવામાં આવ્યુ હતું સુંદર-સુઘડ સ્પષ્ટ દેવનાગરી લિપિમાં પ્રિન્ટ હોવાથી સમગ્ર ભારતમાંથી તેની માંગણી આવતા તેનું પુનર્મુદ્રણ કરીને પ્રગટ કરેલ છે. મજબુત પ્લાસ્ટીક કવર સહીતની આ સુંદર પુસ્તિકા દરેક જૈનના ઘરમાં વસાવવા જેવી છે, કિંમત રૂા. ૭-૦૦ છે. પચાસ કે વધારે પુસ્તિકા ખરીદનારને ૨૦ ટકા કમીશન આપવામાં આવશે

ધર્મપ્રભાવના કરવા માટે ઉત્તમ પુસ્તિકા છે.

—: વધુ વિગત માટે લખો :—

શ્રી જૈન આત્માનંદ સભા-ખારગેઈટ, ભાવનગર-૩૬૪૦૦૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**Atmanand Prakash** **Regd. No. G. BV. 31**

# સ્તુતિ

શિવમસ્તુ સર્વ જગતઃ
પરહિતનીરતા ભવન્તુ ભૂતગણાઃ ।
દોષાઃ પ્રયાન્તુ નાશં
સર્વત્ર સુખી ભવતુ લોકઃ ॥

卐

સર્વ જગતનું કલ્યાણ થાઓ,
સર્વ જીવો પરોપકારી બનો,
સર્વનાં દોષો નાશ પામો.
સર્વત્ર સર્વ જીવો સુખી થાઓ,
સુખી થાઓ, સુખી થાઓ.

તંત્રી : શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.
મુદ્રક : શેઠ હેમેન્દ્ર હરિલાલ, આનંદ પ્રી. પ્રેસ, સુતારવાડ, ભાવનગર.

For Private And Personal Use Only